


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 267 | AD-2022, Ashadh Sud-2, Friday, Dt. 01-07-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ, દેવેન્દ્ર ફડણવીસ ઉપમુખ્યમંત્રી

(સં. સ. સે.) મુંબઈ, તા.૩૦

મહારાષ્ટ્રના મહા પોલિટિકલ ડ્રામામાં આજે સૌથી મોટો નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. જેમાં ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી કે, તેઓ મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી નહીં બને, પણ ઉદ્ધવ ઠાકરેને ઘરભેગાં કરવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનારા એકનાથ શિંદે મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી બનશે. પણ પોતે કોઈપણ મંત્રીપદમાં સામેલ નહીં થાય તેમ પણ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. જો કે, થોડા સમય બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ દેવેન્દ્ર ફડણવીસને સરકારમાં સામેલ થવા અને ડેપ્યુટી સીએમ બનવા માટે વિનંતી કરી હતી. જે બાદ ફડણવીસ પણ નાયબ મુખ્યમંત્રી બનવા માટે માની ગયા હતા. જે બાદ ગુરુવારની સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી એકનાથ શિંદેનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. બાલાસાહેબ ઠાકરેના નામ સાથે એકનાથ શિંદે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. આ ઉપરાંત દેવેન્દ્ર ફડણવીસે પણ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.



આ અગાઉ શિવસેનાના બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદે ૧૦ દિવસ બાદ મુંબઈ પરત પહોંચ્યા હતા. એરપોર્ટ પરથી સીધા તે દેવેન્દ્ર ફડણવીસના ઘરે પહોંચ્યા હતા. ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે રાજ્યપાલ સાથેની મુલાકાત પહેલાં એકનાથ શિંદે મુખ્યમંત્રી બનશે તેવી જાહેરાત કરી હતી. આ અગાઉ ફડણવીસના ઘરે એકનાથ શિંદે પહોંચ્યા હતા અને બંને નેતાઓ વચ્ચે લગભગ અડધો કલાક સુધી મુલાકાત ચાલી હતી. અને ત્યારબાદ બંને નેતાઓ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને મળવા રાજભવન પહોંચ્યા હતા અને રાજ્યપાલને શિંદેએ ૪૯ ધારાસભ્યોના સમર્થનનો પત્ર તેઓને સોંપ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનવા પર શુભેચ્છા પાઠવી છે સાથે જ તેમણે ડેપ્યુટી સીએમ બનનનાર દેવેન્દ્ર ફડણવીસને પણ શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ મોદીએ શિંદેને જમીન સાથે જોડાયેલા નેતા ગણાવતા વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તે મહારાષ્ટ્રને નવી ઉંચાઈઓ પર લઈ જશે.

અમિત શાહે નાયબ મુખ્યમંત્રી બનવા બદલ દેવેન્દ્ર ફડણવીસને શુભકામના પાઠવતાં કહ્યું કે, ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ ના કહેવા પર દેવેન્દ્ર ફડણવીસે મોટું મન રાખતાં મહારાષ્ટ્ર રાજ્ય અને જનતાના હિતમાં સરકારમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે.બુધવારે સુપ્રીમ કોર્ટે ફ્લોર ટેસ્ટ રોકવાનો ઈનકાર કર્યા બાદ ઉદ્ધવ ઠાકરેએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપતા મહારાષ્ટ્રમાં લાંબો સમય ચાલેલા રાજકીય ડ્રામાનો અંત આવ્યો છે. હવે, ભાજપ અને શિવસેનાના બળવાખોર ધારાસભ્યો મળીને મહારાષ્ટ્રમાં સરકાર બનાવવા જઈ રહ્યા છે. ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેનાના બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદે આજે રાજ્યપાલને મળ્યા હતા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. તે પછી દેવેન્દ્ર ફડણવીસે પ્રેસ કોન્ફરન્સમાં બધાના આશ્ચર્ય વચ્ચે જાહેરાત કરી હતી કે, મહારાષ્ટ્રના નવા મુખ્યમત્રી એકનાથ શિંદે બનશે અને આજે માત્ર તેઓ જ શપથ લશે. પહેલા એવું કહેવાઈ રહ્યું હતું કે, દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી અને એકનાથ શિંદે નાયબ મુખ્યમંત્રી બનશે. પરંતુ, હવે, આખું ચિત્ર બદલાઈ ગયું છે.

૨૮૮ બેઠકોવાળી વિધાનસભામાં હાલમાં એક સભ્યના નિધનના કારણે ૨૮૭ ધારાસભ્ય છે. એવામાં બહુમતીનો આંકડો ૧૪૪ બેઠકો છે. ભાજપ પાસે ૧૦૬ ધારાસભ્યો છે. શિંદેના સમર્થનવાળા ધારાસભ્યોની સંખ્યા ૩૯ છે. ૧૨ અપક્ષ ધારાસભ્યોનું સમર્થન પણ ભાજપ પાસે છે. તે ઉપરાતં બીવીએના ૩ અને એમએનએસના ૧ ધારાસભ્ય પણ ભાજપના પક્ષમાં છે. આ રીતે ભાજપનો કુલ આંકડો ૧૬૧એ પહોંચી જાય છે જેથી વિધાનસભાનું ગણિત હવે સંપૂર્ણ રીતે શિંદેની સાથે છે. આવતીકાલ શનિવારે મહારાષ્ટ્ર વિધાનસભાનું વિશેષ સત્ર, વિધાનસભા અધ્યક્ષની પસંદગી તેમજ એકનાથ શિંદે પોતાનું બહુમત સાબિત કરશે.જો, શિવસેનાનું બળવાખોર જૂથ વોટિંગ દરમિયાન ગેરહાજર રહે છે તો બહુમતી ઘટીને ૧૨૪ પર આવી જશે. એ સ્થિતિમાં પણ શિંદે સરકાર સરળતાથી બહુમતી મેળવી લેશે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૦૧-૦૭-૨૦૨૨

# બાબરા ખાતે જિલ્લા પોલીસ વડાનો લોકદરબાર : શહેરની સ્થિતિ વિશે ચર્ચા

બાબરા તા.૩૦

બાબરા શહેરમાં આજે જલારામ મંદિર ખાતે અમરેલી જિલ્લા એસ.પી. હિમકરસિંઘનો લોકદરબાર યોજાયો હતો. ડીવાયએસપી ભંડારી સહિત સ્થાનિક પીઆઈ કેલા અને પીએસઆઈ ઉપસ્થિત રહ્યાં હતાં. તાજેતરના તહેવારો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા એસ.પી. હિમકરસિંઘ દ્વારા જાહેર લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શહેર અને તાલુકાના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. શહેરના વેપારીઓ અને રાજકીય આગેવાનો તેમજ વિવિધ સંસ્થાઓએ એસ.પી.નું સન્માન કર્યું હતું.



તસવીર : દિપક કનૈયા

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત અમરેલી જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા યોજાશે

અમરેલી તા.૩૦

અમરેલી જિલ્લામાં આગામી તા.૬ થી તા.૨૧૨ જુલાઇ-૨૦૨૨ સુધી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વંદે ગુજરાત વિકાસ યાત્રા યોજાશે. ગુજરાત સરકાર દ્વારા વિકાસ યાત્રા અન્વયે ત્રણ વિકાસરથ અમરેલી જિલ્લામાં ફાળવવામાં આવ્યા છે. રાજય સરકાર દ્વારા વિકાસકાર્યોની માહિતી ગ્રામીણ કક્ષા સુધી પહોંચી શકે, દરેક યોજનાનો લાભ લક્ષિત લાભાર્થીઓ સુધી પહોંચાડવાના ઉમદા ઉદ્દેશ સાથે "વંદે ગુજરાત વિકાસ યાત્રા"નું આયોજન સમગ્ર રાજ્યમાં કરવામાં આવ્યું છે. સમગ્ર રાજ્યમાં વિવિધ પ્રદર્શન અને મેળાના આયોજન થકી વિકાસોત્સવની ઉજવણી પણ કરવામાં આવશે.

અમરેલી જિલ્લામાં દરેક વિકાસરથ માટે કુલ ત્રણ અધિકારી ડો.એ.એસ. સાલ્વી, ડો. આર.કે.જાટ, ડો.એમ.એ. સિદ્દીકીની નોડલ અધિકારી તરીકે નિમણૂંક કરવામાં આવી છે. આ ઉપરાંત આ ફરજ માટે અલગ અલગ રથ માટેની કામગીરી પણ નિયત અધિકારી, કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. અમરેલી જિલ્લાના તમામ તાલુકામાં વિકાસકાર્યોની માહિતી જનજન સુધી પહોંચાડવામાં આવશે. લક્ષિત લાભાર્થીને યોજનાઓનો લાભ આપવામાં આવશે.

# રાજુલામાં આજરોજ રામદેવપીર પાટોત્સવ અને અષાઢી બીજની ઉજવણી

રાજુલા તા.૩૦

રાજુલામાં રામદેવપીરનો પાટોત્સવ તેમજ અષાઢી બીજનો ઉત્સવ ઉજવાશે. રાજુલાના વડલી રોડ ઉપર અંટાળીયા મહાદેવ મંદિરમાં માલાભગતની જગ્યામાં આજરોજ રામદેવપીરનો પાટોત્સવ ઉજવવા ભક્તજનોમાં ભારે ઉત્સાહ દેખાઇ રહ્યો છે. આ ઉત્સવમાં આજરોજ બપોરના ૪:૧૫ કલાકે રામાપીરના સામૈયા યોજાશે. તેમજ દીપ પ્રાગટ્ય શુક્રવારે સાંજના સાત કલાકે મહંત રામદાસબાપુના હસ્તે કરાશે. રામાપીરની જ્યોતના દર્શન કરવા વિશાળ સંખ્યામાં ભક્ત સમુદાય લાભ લેશે તેમજ સાંજના ૭:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રિના ૮:૩૦ કલાકે રામદેવપીરનું આખ્યાન યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં હાજર રહેવા ખોડલ રામામંડળ દ્વારા અનુરોધ કરાયો છે.

# લાઠી - બાબરાના ગ્રામ્ય વિસ્તારોમાં રૂા.૨૧ કરોડના ખર્ચે રસ્તાઓ બનશે

## ધારાસભ્યના પ્રયત્નોથી નવા માર્ગો મંજૂર થતાં ગ્રામજનોમાં આનંદ

બાબરા તા.૩૦

લાઠી - બાબરાના ધારાસભ્ય વિરજીભાઇ ઠુંમર દ્વારા લાઠી વિધાનસભાના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ રસ્તાઓને પ્રાથમિકતા આપી બિસ્માર રસ્તાઓ તેમજ સાત વર્ષથી બન્યા ન હોય તેવા માર્ગોને રિસર્ફેસીંગ તેમજ નોન પ્લાન રસ્તાઓ પણ મંજૂર કરાવતા લાઠી અને બાબરા પંથકની જનતામાં રાહતની લાગણી પ્રસરી ગઇ છે. લાઠી - બાબરા પંથકના અનેક માર્ગો બિસ્માર હાલતમાં હોવાથી ગ્રામજનો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં હતાં. જેમાં ખાસ કરીને દર્દીઓની હાલત ભારે કફોડી બની જવા પામી હતી. આ બાબતે ધારાસભ્યને રજૂઆત કરવામાં આવતાં ધારાસભ્યએ રાજ્ય સરકારમાં રજૂઆત કરતાં રાજ્ય સરકાર તરફથી માર્ગના નવીનીકરણ કરવા માટે રૂા.૨૧ કરોડ ફાળવવામાં આવતાં ગ્રામજનોમાં આનંદ ફેલાયો છે.



# વરૂણદેવને રીઝવવા ભુવા ગામે શ્વાનોને લાડુ અપાયા



અમરેલી તા.૩૦

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે વરસાદ ખેંચાતા જગતનો તાત ચિંતામાં જોવા મળી રહ્યો છે. જેથી વરૂણદેવને રીઝવવા માટે ગ્રામજનો દ્વારા લાડુ બનાવી શ્વાનોને આપવામાં આવ્યાં હતાં.

# લાઠી બસ સ્ટેશનની તૂટી ગયેલી દિવાલ ક્યારે રીપેર કરાશે?

અમરેલી તા.૩૦

લાઠી બસ સ્ટેશનમાં આવેલી દિવાલ છેલ્લા ઘણાં સમયથી ધરાશાયી થઇ ગઇ હોવાથી હવે આ જગ્યાએ ગંદકીના ગંજ ખડકાયા છે. ગંદકીના કારણે મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ બાબતે એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હોવા છતાં દિવાલનું રીપેરીંગ કામ કરવામાં આવતું ન હોવાથી આજુબાજુના વેપારીઓ અને રહેવાસીઓ પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.



# સા.કુંડલા મામલતદારનો વિદાય સમારંભ યોજાયો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૩૦

સાવરકુંડલાના મામલતદાર ફાતેમા માકડાની મોરબી મુકામે બદલી થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. મામતલદારે ટૂંકા સમયમાં જ અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરી સારી નામના મેળવી હતી.

# ધામેલપરા પ્રા.શાળા ખાતે મામલતદારની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

દામનગર,તા.૩૦

દામનગરના ધામેલપરા પ્રા.શાળા ખાતે મામલતદારની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. ધો.૧માં બાળકોને મીઠાઈ આપી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય રમેશભાઈ પરમાર, શાળા પરિવારનો સ્ટાફ, આંગણવાડી હેલ્પર બહેનો, નરેશભાઈ ડોંડા, સરપંચ, વાલીઓ તેમજ ગ્રામજનોની હાજરીમાં પ્રવેશોત્સવનું આયોજન થયુ હતું.




તસવીર : વિનોદ જયપાલ

# ડીડીઓની અધ્યક્ષતામાં વરસડા ગામે રાત્રિસભા યોજાઈ, ગ્રામજનોની હાજરી

અમરેલી,,તા.૩૦

અમરેલી જિલ્લાના વરસડા ગ્રામપંચાયત ખાતે ડીડીઓ દિનેશ ગુરવની અધ્યક્ષતામાં રાત્રિસભા યોજાઈ હતી. રાત્રિસભામાં પ્રધાનમંત્રી આવાસ, મિશન મંગલમ, આંગણવાડી, ખેતીવાડી, આરોગ્ય સહિતની યોજનાઓની અધિકારીઓએ માહિતી આપી હતી. ડીડીઓ દ્વારા કેન્સર પીડિત દર્દીને સહાયનો ચેક વિતરણ તથા વિવિધ પ્રશ્નો અંગે ગ્રામજનો સાથે ચર્ચા કરવામાં આવી હતી. રાત્રીસભામાં ૫૦૦થી વધુ ગ્રામજનો હાજર રહ્યાં હતા અને સરકારી યોજનાનો લાભ લઈ ગામ સમરસ મોડેલ બને તે માટે એક થઈ જિલ્લામાં દાખલો બેસાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



# લાઠી આઈસીડીએસ દ્વારા જરખીયા ગામે પૂર્ણાહાર માર્ગદર્શન કાર્યક્રમ

અમરેલી તા.૩૦

લાઠી તાલુકાના જરખીયા ગામે મહિલા અને બાળ વિકાસ આઈસીડીએસ કાશ્મીરાબેન ભટ્ટની અધ્યક્ષતામાં પૂર્ણાહાર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જરખીયા ગામે ડો. શીતલબેન રાઠોડ, આંગણવાડી વર્કરની ઉપસ્થિતિમાં પૂર્ણાહાર પેકેટ વિતરણ સાથે કિશોરીઓને જાણકારી આપવા અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. ડો. શીતલબેન રાઠોડ દ્વારા કિશોરીઓને ઉંચાઇ, વજન, લોહીની ટકાવારી સહિતની બાબતોથી અવગત કરાઈ હતી અને ક્યા શાકભાજી અને ફળોમાંથી ક્યા પોષક તત્વો મળે છે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કિશોરીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.



Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

|| શ્રી વલ્લભ ||


જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300


ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# લાયન્સ ક્લબ (મેઈન) દ્વારા શપથવિધિ સમારોહ

અમરેલી, તા. ૩૦

લાયન્સ ક્લબ ઓફ અમરેલી (મેઈન) દ્વારા જિલ્લા પંચાયત પ્રમુખ રેખાબેન મોવલીયાની અધ્યક્ષતામાં 'અંતરના ઓવારણા' શપથવિધિ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્સ્ટોલિંગ ઓફિસર તરીકે લા. ધીરજલાલ રાણપરીયા અને લા. રમેશચંદ્ર રૂપાલા ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે અતિથિ વિશેષ તરીકે ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, કૌશિકભાઈ વેકરીયા, શરદભાઈ ધાનાણી, કાંતિભાઈ વઘાસીયા, જીતુભાઈ ડેર, ભૂપતભાઈ સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, દિનેશભાઈ કાબરીયા, રમેશભાઈ કાથરોટીયા, દેવચંદભાઈ કપોપરા તથા કરશનભાઈ ડોબરીયાએ હાજર રહી લાયન્સ ક્લબ મેમ્બરોને પ્રોત્સાહિત કર્યા હતા. ઈન્સ્ટો. ઓફિસર ધીરજલાલ રાણપરીયાએ દહીંડા ગામના વતની અને અગ્રણી વેપારી શીવલાલ હપાણીને લાયન્સ



ક્લબ ઓફ અમરેલી (મેઈન) ના નવનિયુક્ત પ્રમુખ તરીકે શપથ ગ્રહણ કરાવ્યા હતા. તેમની ટીમના નિલેશભાઈ ડુંમર અને બકુલભાઈ ભટ્ટને પણ સેક્રેટરી અને ટ્રેઝરર તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા. સમારોહનું આયોજન ક્લબ પ્રમુખ દિનેશભાઈ ભુવા, રાજુભાઈ ઝાલાવાડીયા અને રજનીભાઈ ધોરાજીયાની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા કૌશિકભાઈ હપાણી, જતીનભાઈ સુખડીયા, ભાવેશભાઈ નાકરાણી, ભરતભાઈ ચકરાણી, મનીષભાઈ, પી.સી. દુધાત, દિનેશ હિરપરા, અમીત ધાનાણી, જે.ડી. સાવલીયા, રાજુભાઈ પરીખ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. સંચાલન પ્રો. હરેશ બાવીશીએ કર્યું હતું.

# મોટા ઉજળા પ્રાથમિક શાળામાં છ રૂમ તથા કમ્પાઉન્ડ વોલ માટે રૂ. ૪૫ લાખ મંજૂર

વડિયા, તા. ૩૦

વડિયા તાલુકાના મોટા ઉજળા ગામની પ્રાથમિક શાળામાં ક્લાસરૂમ અને કમ્પાઉન્ડ વોલના અભાવના કારણે બાળકોને મુશ્કેલી પડતી હોય, જે અંગે આગેવાનો દ્વારા બાવકુભાઈ ઉંધાડને રજૂઆત કરવામાં આવતા તેમના દ્વારા ઉચ્ચ કક્ષાએ આ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે રાજ્ય



સરકાર દ્વારા શાળામાં ૬ ક્લાસ રૂમ અને કમ્પાઉન્ડ વોલ માટે રૂ. ૪૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે તેમજ આ કામનું ટેન્ડર પણ બહાર પાડવામાં આવ્યું છે. બાવકુભાઈની રજૂઆત રંગ લાવતા વિપુલભાઈ ખીમાણી, વિનુભાઈ લુણાગરીયા, જયાબેન ખીમાણી, જગદીશભાઈ ગજેરા, સુરેશભાઈ ગોસાઈ, વિપુલભાઈ ઢોલરીયા, અરવિંદભાઈ ભાડ સહિતે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જાફરાબાદમાં કાયદો-વ્યવસ્થા જાળવવા ફૂટ પેટ્રોલિંગ કરાયું



તસ્વીર : બાબુ વાઢેળ

જાફરાબાદ, તા. ૩૦

જાફરાબાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પીઆઈ જે.જે. ચૌધરી, પીઆઈ દેસાઈ, પીએસઆઈ ગઢવી, પીએસઆઈ મજેઠીયા તથા સ્ટાફ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ) દ્વારા બાળકોને મિષ્ઠાન ભોજન કરાવાયું

અમરેલી, તા. ૩૦

લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ) દ્વારા ડિસ્ટ્રીક્ટ ગવર્નર લાયન વસંતભાઈ મોવલીયાના સેવા પરમો ધર્મના સૂત્ર સાથે શરૂ થયેલ લાયન વર્ષ ૨૦૨૧-૨૨ના છેલ્લા દિવસે ઓલ ઈન્ડિયા મુવમેન્ટ ઓફ સેવા-અમરેલી કેન્દ્ર ખાતે રહેતા અનાથ બાળકો તથા બહેરા-મુંગા



શાળાના બાળકોને ધાર્મિક કેટરર્સના માલિક તથા લાયન મેમ્બર કનુભાઈ દેસાઈના સહયોગથી મિષ્ઠ ભોજન જમાડવામાં આવ્યું હતું તેમજ કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દિનેશભાઈ કાબરીયા, વિજય વસાણી, કનુભાઈ દેસાઈ, મયુર દેસાઈ, સમીર કાબરીયા, સંજય રામાણી, પ્રિતેશ બાબરીયા, વિવેક વસાણી, જયસુખભાઈ સોરઠીયા, ઉષા વસાણી તેમજ લુણીધાર શાળાના આચાર્ય હેતલબેન કુંભાણી સહિત ઉપસ્થિત રહ્યા હતા.

# જૂની હળિયાદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુરૂ શિબિરનું આયોજન



તસ્વીર : વી.કે. સાંગાણી

બગસરા, તા. ૩૦

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે જૂન માસની ઉજવણી અંતર્ગત ગુરૂ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાહકજન્ય રોગ તથા વિશ્વ વસ્તી પખવાડિયા અંગે માહિતી આપવામાં આવી હતી.

# હાલરિયા ગામે દંપતીએ અપશબ્દો બોલવાની ના પાડતાં મૂઢમાર માર્યો

બગસરા, તા.૩૦

બગસરાના હાલરિયા ગામે દંપતીએ ગાળો બોલવાની ના પાડતાં હુમલો કરવામાં આવ્યો હતો. જેને લઈ નરેશભાઈ નાજાભાઈ વાઘેલા (ઉ.વ.૩૭) એ દિનેશભાઈ ભગાભાઈ માધડ, પ્રેમજીભાઈ ભગાભાઈ માધડ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પતિ-પત્ની ઘરે હતા ત્યારે તેમના પત્ની ઘર બહાર એંઠવાડ નાંખવા જતાં આરોપીઓ જાહેરમાં ગાળો બોલતા હોવાથી તેમની પત્નીએ અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી તેમને ગાળો આપી ઈજા પહોંચાડી હતી.

જે.એમ. ફાઈનાન્સીયલ
ગ્રામ પંચાયતના વેરા બિલ ઉપર લોન કરી આપીશું
હોમલોન, મોર્ગેજ લોન, પર્સનલ લોન
તમામ પ્રકારની લોન માટે સંપર્ક કરો...
મો.૮૭૮૦૧ ૩૩૪૧૦

# સ્વ. ગીરધરલાલ ચૌહાણનું અવસાન થતા પરિવારજનો દ્વારા ચક્ષુદાન કરાયું



અમરેલી, તા. ૩૦

સ્વ. ગીરધરલાલ ચૌહાણનું અવસાન થતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી-સાવરકુંડલા, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (રોયલ) તથા શીતલ સેવા ટ્રસ્ટ દ્વારા તેમના ચક્ષુદાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ચક્ષુદાન બદલ પ્રફુલભાઈ તથા ચૌહાણ પરિવારનો આભાર વ્યક્ત કરી સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# માહિતી કચેરીના કર્મચારીનો વિદાય સમારંભ

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા માહિતી કચેરીમાં ફરજ બજાવતા શારદાબેન રાઠોડ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. પૂર્વ સંયુક્ત માહિતી નિયામક નટુભાઈ પરમારના અધ્યક્ષસ્થાને જિલ્લા માહિતી કચેરીના વર્તમાન અને પૂર્વ અધિકારી-કર્મચારીઓ દ્વારા શારદાબેનને વિદાય આપવામાં આવી



હતી. આ તકે જગદીશભાઈ સત્યદેવ, ઉગાભાઈ બરાળ, જી.વી. દેવાણી, એમ.જી. ભટ્ટ, દિનેશભાઈ રાજ્યગુરુ, ભરતભાઈ ધુવા, હિંમતભાઈ વાઘેલા તથા શારદાબેન રાઠોડના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. કચેરીના સ્ટાફ દ્વારા શારદાબેનને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

માત્ર રૂા.૫૦,૦૦૦ ભરીને ગાડીનાં માલીક બનો...
ગુજરાતનાં કોઈપણ જિલ્લામાં મળશે.
સરળ માસિક હપ્તા
આકર્ષક ડીસ્કાઉન્ટ સાથે
રોજગારની ઉત્તમ તક
ઓછામાં ઓછું ડાઉન પેમેન્ટ ભરી ગાડીના માલીક બનો.
Supar CARRY CNG
BOLERO Maxi truck
આકર્ષક એક્ષચેન્જ ઓફર સાથે
રૂા.૧૦,૦૦૦ થી રૂા.૫૦,૦૦૦ સુધીની પર્સનલ લોન માટે અમારો સંપર્ક કરો
માત્ર વિમા અને પાર્સીંગના પૈસા ભરીને ગાડીનાં માલીક બનો...
PETROL & CNG
દરેક કલર હાજરમાં મળશે.
સમર્થ એન્ટરપ્રાઈઝ
જિલ્લા પંચાયત સામે, સરદાર શોપીંગ સેન્ટર,
દુકાન નં. F-50, પહેલો માળ, અમરેલી. – ૩૬૫૬૦૧
Mo. 97234 17506 / 97376 57374 / 84859 17506




# વિશ્વ વસ્તી દિનની અમરેલી જિલ્લામાં થશે ઉજવણી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં વિશ્વ વસ્તી દિન અંતર્ગત બે પખવાડિયા માટે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ પખવાડિયું તા. ૨૭-જૂન થી તા. ૧૦-જુલાઈ તથા બીજુ પખવાડિયું તા. ૧૧ થી ૨૪-જુલાઈ સુધી ઉજવાશે. જેમાં ઘરે ઘરે જઈ લાયક દંપતીઓનો સંપર્ક કરી ફેમિલી પ્લાનિંગ પદ્ધતિ વિશે સમજણ આપવામાં આવશે. તેમજ કુટુંબ કલ્યાણ ઓપરેશન કેમ્પ, આઈ.યુ.ડી. કેમ્પ તેમજ કુટુંબ કલ્યાણની વિવિધ પદ્ધતિઓના કેમ્પનું આયોજન કરવામાં આવશે. તમામ આરોગ્ય ફેસીલીટી ઉપર નિરોધ કોર્નર ઉભા કરવામાં આવશે. ખાસ કરીને અમરેલી, સાવરકુંડલા અને રાજુલા ખાતે વિશ્વ વસ્તી દિનની ઉજવણીના ભાગરૂપે રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ઉજવણીના બંને પખવાડિયામાં જિલ્લાના વધુમાં વધુ લાયક લોકો લાભ લે તેવો સીડીએચઓ ડો. જયેશ પટેલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

### સાવરકુંડલા

હસમુખભાઇ બાવશંકરભાઇ બોરીસાગર (ઉ.વ.૭૭)નું તા. ૨૯-જૂન ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેઓ ગં. સ્વ. લલીતાબેનના પતિ, કૌશિકભાઇ, કમલેશભાઇ અને ગૌતમભાઇના પિતાજી તથા રાજુભાઇ, રાકેશભાઇના કાકા થાય છે.

### બાબાપુર

બાબાપુર નિવાસી ગોગનભાઇ શામજીભાઇ સુહાગીયા (ઉ.વ.૬૩) નું તા. 30-જૂન ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેઓ મનસુખભાઇ, ગોવિંદભાઇ તથા રમેશભાઇના પિતાજી, પ્રવિણભાઇ તથા નવનીતભાઇ સુહાગીયાના કાકા થાય.



વોલ્ટાસના ઓથો.ડીલર A/C - DEEP FREEZE - BOOTLE COOLER - WATER COOLER
એવરેસ્ટ ટ્રેડર્સ(રેફ્રીજરેશન) મો.૯૮૨૫૩ ૩૫૬૪૫ સર્વિસ નં.૭૦૧૬૩ ૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


સાંસદ નારણભાઇ કાછડીયાની રજૂઆત બાદ

# રાજ્ય સરકાર દ્વારા અમરેલી જિલ્લામાં ૧૨ એમબીબીએસ ડોક્ટરોની નિમણૂક

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ૧૨ એમબીબીએસ ડોક્ટરોની નિમણૂક કરવામાં આવી છે. સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા અમરેલીમાં જિલ્લા મથકે તથા તાલુકા મથકે ઘટતા ડોક્ટરોની નિમણૂક કરવા અંગે આરોગ્ય મંત્રીને અવારનવાર લેખિત તથા મૌખિક રજૂઆત કરવામાં આવી



હતી. જેને પગલે જિલ્લામાં ૧૨ ડોક્ટરોને મુકવામાં આવતા સાંસદે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો છે. સરકારી હોસ્પિટલ લાઠી, અર્બન હેલ્થ સેન્ટર-અમરેલી, સામૂહિક આરોગ્ય કેન્દ્ર-દામનગર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર-ધારી, મોબાઈલ દવાખાનુ, રાજુલા સહિત જિલ્લા પંચાયતમાં મળી કુલ ૧૨ એમબીબીએસ તબીબોની નિમણૂક કરવામાં આવી છે.

# વડિયાના યુવકનો માનસિક ટેન્શનમાં આવી જઇ આપઘાત

અમરેલી, તા. ૩૦



વડિયાના સદ્‌ગુરૂનગર વિસ્તારમાં રહેતા અને જેતપુર ખાતે એસટી ડેપોમાં નોકરી કરતા મનોજભાઈ દિનેશભાઈ અધેરાએ માનસિક ટેન્શનમાં આવી જઇ ગળાફાંસો ખાઇ જીવાદોરી ટૂંકાવી લેતા વડિયા પંથકમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી. મૃતકના ભાઈ પિન્ટુભાઈ અધેરાએ આ અંગે વડિયા પોલીસમાં જાહેર કરતા જણાવ્યું હતું કે, મૃતક મનોજભાઈ છેલ્લા કેટલાક સમયથી માનસિક ટેન્શનમાં હતા. આજે તેમણે સાડી બાંધી ગળાફાંસો ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજ્યું છે. વડિયા પોલીસે ઘટના અંગે અકસ્માતે મૃત્યુની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પીઠવડીના સરપંચ ભૌતિક સુહાગીયા દ્વારા

# પંડિત દીનદયાળ આવાસ યોજનાના ફોર્મ ભરવાની મુદત વધારવા માંગ

અમરેલી, તા. ૩૦

પંડિત દીનદયાળ આવાસ યોજનાના ઓનલાઈન ફોર્મ ભરવાની આજે છેલ્લી તારીખ છે ત્યારે અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના ઉપપ્રમુખ તથા પીઠવડી ગ્રામ પંચાયતના સરપંચ ભૌતિકભાઈ સુહાગીયા દ્વારા ગાંધીનગર ખાતે વિકસતી જાતિ કલ્યાણ વિભાગના નિયામકને પત્ર પાઠવી આ



યોજનાના ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવા માંગ કરી છે. તેમણે જણાવ્યું કે, લોકોને આધાર પુરાવાના કાગળો મેળવવામાં ઘણો સમય વીતિ જાય છે. તેમજ હાલ વાવણીનો સમય હોય, જેથી લોકો મજૂરીકામે જતા હોય છે. જેના કારણે જરૂરી ડોક્યુમેન્ટ મેળવી શકેલ નથી. જો મુદત વધારવામાં ન આવે તો અનેક લોકો યોજનાના લાભથી વંચિત રહી જાય તેમ હોય, ઓનલાઈન ફોર્મ ભરવાની મુદતમાં વધારો કરવામાં આવે.

# બાબરીયાધાર ગામે સોમનાથ મહાદેવ મંદિરમાંથી પંચધાતુના નાગદાદાની ચોરી

રાજુલા, તા.૩૦

રાજુલા તાલુકાના બાબરીયાધાર ગામે આવેલા સોમનાથ મહાદેવ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી અજાણ્યો ઈસમ પંચધાતુના નાગદાદા સહિત રૂ.૪૪,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે પૂજારી સુરેશભારથી કાળુભારથી ગોસ્વામી (ઉ.વ.૪૫)એ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે તા.૧૪/૦૪/૨૦૨૨ ના સવારના આશરે દસેક વાગ્યાથી બપોર બાદ છએક વાગ્યા દરમ્યાન બાબરીયાધાર ગામે ડુંગર ઉપર આવેલ સોમનાથ મહાદેવના મંદિરમાં ગેરકાયદે પ્રવેશ કરી ગર્ભગૃહમાં શિવલીંગ ફરતે રહેલા પંચધાતુના નાગદાદા, નાગદાદા ઉપર રહેલું પંચધાતુનું મોટુ છતર, ત્રણ ચાંદીના નાના છતર, પાર્વતી માતાજી ઉપર ચડાવેલ બે ચાંદીના હાર તથા મુગટ, સી.સી.ટી.વી. ના કેમેરા કુલ નંગ-૫, ડી.વી. આર. મળી કુલ રૂ. ૪૪,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# સાવરકુંડલામાં ઘર પાસે ગાળો બોલવાની ના પાડતાં દંપતીને ધમકી

સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલામાં રહેતા એક યુવકે તેના ઘર પાસે ગાળો નહીં બોલવાનું કહેતા માતા-પુત્રએ મળી તેને મૂઢમાર માર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે મહેશભાઈ આલાભાઈ ખીમસુરિયા (ઉ.વ.૩૫)એ વિકીભાઈ વેગડા અને તેના માતા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, મહેશભાઈને અગાઉ વિકીભાઈ સાથે ઝઘડો થયો હતો જેનું મનદુઃખ રાખી તેઓ તેમના ઘર પાસે ગાળો બોલતા હતા. જેથી તેમણે ગાળો નહીં બોલવા અને ત્યાંથી જતા રહેવાનું કહેતા ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી પાઈપ વડે મૂઢમાર માર્યો હતો. જયારે તેમની પત્નીને આરોપીની માતાએ ઢીકાપાટુનો મૂઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજસ્થાનમાં થયેલ હત્યાના મામલે સા.કુંડલા વિહીપ દ્વારા પૂતળાદહન



તસ્વીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા. ૩૦

રાજસ્થાનમાં થયેલ હત્યાના વિરોધમાં સાવરકુંડલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પૂતળાદહન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકોએ આ વિરોધમાં જોડાઈ સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પ્રદર્શનમાં વિશ્વ હિન્દુ પરિષદ-સાવરકુંડલા અને બજરંગદળના કાર્યકરો જોડાયા હતા. અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે વિહીપ અને બજરંગદળના કાર્યકરોની અટકાયત કરી હતી.

# વાવડી ગામે ખેડૂતના વાવેતરમાં કળિયું ફેરવી દીધાની ફરિયાદ

રાજુલા, તા.૩૦

રાજુલાના વાવડી ગામે આવેલ પીપળાવાળી સીમમાં એક ખેડૂતે કરેલ વાવેતરમાં કળિયું ફેરવી કપાસના પાકને નુકસાન કરવામાં આવ્યું હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. વાવડી (રૂખડભગતની) ગામે રહેતા ધનજીભાઈ બાલુભાઈ ઉર્ફે બાબુભાઈ કોઠીયા (ઉ.વ.૬૫) એ મુકતાબેન જગદીશભાઈ પાંચાણી, મગનભાઈ જેરામભાઈ ડોબરીયા, દક્ષાબેન મગનભાઈ ડોબરીયા તથા અશ્વિનભાઈ જેરામભાઈ ડોબરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે મુક્તાબેને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અન્ય આરોપી મોરવા દોડ્યા હતા અને એકબીજાની મદદથી તેમના કપાસના વાવેતરમાં કળિયું હાંકી નુકસાન કર્યુ હતું. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.ડી.લાધવા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં પાડોશીઓ વચ્ચે તકરાર

ચલાલા, તા.૩૦

ચલાલામાં રહેતા મુકેશભાઈ લાલજીભાઈ થોરીયા (ઉ.વ.૫૨) એ જયશ્રીબેન ભાયલાલભાઈ ટાંક, મિત્તલબેન ભાયલાલભાઈ ટાંક તથા ભારતીબેન ભાયલાલભાઈ ટાંક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપીઓ તેમના પાડોશી છે અને કોઈ પ્રકારે ઝઘડો કરવા માંગતા હોવાથી બેફામ ગાળો બોલી ઝઘડો કર્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આઈ.જી.કાલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી યુવક કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા કે બોલ કાર્યક્રમ અંતર્ગત આંકડાકીય માહિતી અપાઈ

અમરેલી, તા. ૩૦

અમરેલી યુવક કોંગ્રેસ દ્વારા યંગ ઈન્ડિયા કે બોલ કાર્યક્રમ અંતર્ગત બેરોજગારી, શાળામાં ઓરડાની ઘટ વગેરેની આંકડાકીય માહિતી જાહેર કરવામાં આવી હતી. જે મુજબ અમરેલી જિલ્લામાં ૩૧૯ ઓરડાની ઘટ છે. આ તકે જિલ્લા પ્રમુખ દેવરાજભાઈ બાબરીયા,



ઉપપ્રમુખ પ્રતાપભાઈ કામળીયા, વિધાનસભા પ્રમુખ મોનીલભાઈ ગોંડલીયા, શહેર પ્રમુખ તેજસભાઈ મસરાણી, નિર્મળભાઈ વાટલીયા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# સા.કુંડલામાંથી સાત સહિત જિલ્લામાંથી ડઝન પ્યાસી પકડાયા

અમરેલી, તા.૩૦

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૨ શરાબીને ઝડપીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં સાવરકુંડલામાંથી સાત, ધારીમાંથી બે, ખાંભાના બોરાળા, બગસરા અને અમરેલીમાંથી એક-એક મળી કુલ ૧૨ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

# અમરેલી તાલુકા તલાટી મંત્રી મંડળ દ્વારા નિવૃત્ત તલાટી મંત્રીઓને વિદાયમાન અપાયું

અમરેલી, તા. ૩૦

અમરેલી તાલુકા તલાટી મંત્રી મંડળ દ્વારા નિવૃત્ત થયેલ તલાટી મંત્રી નંદલાલ ગોસ્વામી તથા જ્યોતુભાઈ ત્રિવેદીના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, તા.પં. પદાધિકારીઓ દિલીપભાઈ સાવલીયા, વનરાજભાઈ કોઠીવાળ તથા નિકુંજભાઈ માંડણકા, ડે. ડીડીઓ પટેલ,



ટીડીઓ તપનભાઈ ત્રિવેદી, જિલ્લા તલાટી મંડળના પ્રમુખ જયેશભાઈ કટેશીયા સહિતનાઓ હાજર રહ્યા હતા. તલાટી કમ જિલ્લાની ધિરાણ મંડળીના મંત્રી કલ્પેશભાઈ પટેલ તેમજ તલાટી કમ મંત્રી અંકુરભાઈ સાવલીયા દ્વારા નિવૃત્ત થતા ત.ક.મં. નું સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: દ્વિતિયા(બીજ), તા.૦૧-૦૭-૨૦૨૨, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૦૫, સૂર્યાસ્ત-૦૭:૩૧, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૭-૨૦૨૨ શુક્રવાર

- મેષ (અ,લ,ઇ) : પ્રયત્ન જરૂરી છે. કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન સંપત્તિના મામલા ઉકેલાશે.
- વૃષભ (બ,વ,ઉ) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતામાં અડચણ.
- મીથુન (ક,છ,ઘ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.
- કર્ક (ડ,હ) : આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું. તમારી પ્રતિષ્ઠા વધશે.
- સિંહ (મ,ટ) : કોઈ યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર.
- કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.
- તુલા (ર,ત) : જુના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે, જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે.
- વૃશ્ચિક (ન,ય) : વ્યાપાર સારો ચાલશે. સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.
- ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે.
- મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શક્યતા રહેશે.
- કુંભ (ગ,શ,સ) : દાંમ્પત્યજીવન સરસ રહેશે. આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે.
- મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરવાની તક.

# ગાવડકા નજીક સર્જાયેલ અકસ્માત અંગે ફરિયાદ

અમરેલી, તા.૩૦

ગાવડકા નજીક બે દિવસ પહેલા સર્જાયેલ અકસ્માત અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં ટ્રેક્ટર ચાલક ફોરવ્હીલને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. અમરેલીમાં રહેતા નિતિનભાઈ કાનજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૦)એ અજાણ્યા ટ્રેક્ટર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ટ્રકમાં મોટા માંડવડા ગામે ડીઝલ ખૂટી ગયું હોવાથી તેઓ, તેમનો ડ્રાઈવર તથા ભાણીયો ફોરવ્હીલ લઈને અમરેલીથી બગસરા જવા નીકળ્યા હતા ત્યારે ગાવડકા ગામથી થોડે દૂર અજાણ્યા ટ્રેક્ટર ચાલકે તેમની કારને ટક્કર મારી હતી. જેમાં કારમાં સવાર તમામ લોકોને નાની મોટી ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ટ્રેક્ટર ચાલક ફરાર થઈ ગયો હતો.

# ગાળો બોલવા મુદ્દે કૌટુંબિક ભાઈઓ ઝઘડ્યા

બાબરા, તા.૩૦

બાબરાના ઈશ્વરીયા ગામે ગાળો બોલવા મુદ્દે કૌટુંબિક ભાઈઓ ઝઘડ્યા હતા. આ અંગે કિશનભાઈ ખાવડીયા (ઉ.વ.૧૯)એ મુકેશભાઈ વિભાભાઈ ખાવડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના કુટુંબી ભાઈ મુકેશભાઈ વિભાભાઈ ખાવડીયા ઘર પાસે આવી ગાળો બોલતા હતા જેથી તેમને ગાળો બોલવાની ના પાડતા તકરાર કરી ઢીકાપાટુનો માર માર્યો હતો.

# અમરેલી જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ તરીકે મીનાબેન સોંડાગર



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ તરીકે મીનાબેન સોંડાગરની વરણી થતા જેનીબેન ઠુંમર, હંસાબેન જોશી સહિતે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી સહિત રાજ્યમાં ૧ ઓગષ્ટથી મતદાર સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

અમરેલી, તા. ૩૦

અમરેલી સહિત રાજ્યભરમાં આગામી ૧ ઓગષ્ટથી ખાસ મતદાર સુધારણા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવનાર છે. જેમાં મતદારો મતદાર યાદીમાં સુધારા-વધારા અને નામ કમી કરાવી શકશે. તા. ૧-ઓક્ટો.-૨૦૨૨ની લાયકાતની તારીખે ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા હોય તેવા યુવાનો મતદાર તરીકે નોંધણી કરાવી આગામી વિધાનસભા ચૂંટણીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પૂર્વે મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓને તાલીમ અને ઓરિએન્ટેશન તથા બુથ લેવલ અધિકારીઓની નિમણૂક કરાશે.

સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી કોલેજ & M.Sc. બાયોટેક્નોલોજી કોલેજ પ્રવેશ
★ રેગ્યુલર નવા પ્રવેશ ચાલુ – સત્રની કોલેજ & હોસ્ટેલ ફી ભરવી
★ ચાર વર્ષ થી ફી વધારેલ નથી – પાંચમાં વર્ષે પણ ફી વધારેલ નથી.
★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ M.Sc. મહિલા કોલેજ ★ સ્થળ:– શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨–૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 057

**WANTED**

There is an urgent requirement for the Post of CEO/Manager (1 Post) and Accountant (1 post) in RAJULA KHEDUT UTPADAK AND RUPANTARSAHAKARI MANDALI LTD., Rajula, Amreli(Gujarat).
**Qualification criteria:**
- **For the post of CEO/Manager:** 10+2 with a graduate/ Diploma in agriculture, agriculture marketing, agri-business management or BBA or equivalent.
- **For the post of Accountant,** 10+2 with Mathematics as a compulsory subject, or alternatively, with a Commerce or Accountancy background.
- Working full-time
- Experienced and local candidates will be preferred.

Please send their CV to this email ID within 15 days of this advertisement : iffdcamreli@gmail.com
contact information: 9414396701



**તંત્રી સ્થાનેથી**

# આખરી સત્તા અદાલત અને રાજ્યપાલની ગણાય.!!!!!

મહારાષ્ટ્રના મહાસંગ્રામનો આખરે યુદ્ધવિરામ થઇ ગયો એમ સૌ માને છે. પણ સાચો ખેલ તો હવે શરૂ થશે. સરકાર તો બની પણ શિવસેના હવે કોની?? ઉદ્ધવ કહે છે કે શિવસેના મારી છે. ખુરશી ભલે ગઈ પણ શિવસેનાને કોઈ છીનવી નહિ શકે. આ મુદ્દા પર હવે નવો ખેલ શરૂ થશે અને એનો ચુકાદો અદાલત આપશે!!!

મહારાષ્ટ્રમાં ઉદ્ધવનો ખેલ ખતમ થયો અને સંજય રાઉતની ખુલ્લી ધમકીઓનો અંત આવી ગયો. બોલવામાં બેફામ બનેલા આવા રાજનેતાઓને કારણે ઘણીવાર રાજકીય પક્ષોને મોટી કિંમત ચૂકવવી પડે છે. આમ જોઈએ તો પોલિટિકલ ખેલ સતત ચાલ્યા કરતો હોય છે.

મહારાષ્ટ્ર જેવા મોટા વિવાદમાં આખરે સુપ્રીમ કોર્ટ જ મેઈન રોલ ભજવે છે. આજે એમ કહી શકાય કે રાજનીતિ અદાલતો પર નિર્ભર બની રહી છે. મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલનું એક પરિચિત દ્રશ્ય આપણે ચેનલો પર લાઈવ જોયું. આમ ઘણા દ્રશ્યો મનોરંજક હોઈ છે. ધારાસભ્યોની પક્ષપલટો, રિસોર્ટ સ્ટે, રાજ્યપાલની ભૂમિકા પર સવાલ ઉઠાવવા અને પછી સુપ્રીમ કોર્ટના દ્વાર ખટખટાવવા - આ બધું ભારતમાં સામાન્ય બની ગયું છે. બાય ધ વે, ભારતમાં ધારાસભ્યોની પાર્ટી બદલવી એ નવી વાત નથી. તેના બદલે, આ સમસ્યાનો સામનો કરવા માટે, દેશમાં ૧૯૮૫માં જ પક્ષપલટા વિરોધી કાયદો લાવવામાં આવ્યો હતો. આ પહેલા પણ ૧૯૬૭માં હરિયાણામાં ગયાલાલ કાયદો ૧૯૮૫માં જ લાવવામાં આવ્યો હતો. આ પહેલા પણ ૧૯૬૭માં ગયાલાલ નામના ધારાસભ્યએ એક જ દિવસમાં ત્રણ વખત પાર્ટી બદલી અને "આયા રામ ગયા રામ" વાક્યને જન્મ આપ્યો. સંશોધન સંસ્થા પીઆરએસ અનુસાર, ૧૯૬૭ અને ૭૧ ની વચ્ચે, સાંસદોએ ૧૪૨ વખત પક્ષો અને ૧,૯૬૯ વખત વિવિધ વિધાનસભાઓમાં ધારાસભ્યો બદલ્યા હતા. આ ચાર વર્ષમાં ૩૨ સરકારો પડી ગઈ. એટલે કે પક્ષો બદલીને વિધાનસભાઓમાં બંધારણીય કટોકટી સર્જવાની પ્રથા દાયકાઓ જૂની છે. પરંતુ હવે આવી ઘટનાઓનું પ્રમાણ વધી ગયું છે. માર્ચ ૨૦૨૦માં મધ્યપ્રદેશમાં કોંગ્રેસની સરકાર પડી તે પહેલા જ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. કારણ હતું કોંગ્રેસના ધારાસભ્યોએ પોતાની જ પાર્ટી સામે બળવો કર્યો હતો. તે પહેલા નવેમ્બર ૨૦૧૯માં ફરી કર્ણાટકમાં કોંગ્રેસના ધારાસભ્યોના બળવા બાદ ફરીથી સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર પડી અને બાદમાં કોંગ્રેસની સરકાર પડી. જુલાઈ ૨૦૨૦ માં, રાજસ્થાનમાં આવી જ ઉથલપાથલ જોવા મળી હતી, પરંતુ કોંગ્રેસે કોઈક રીતે બળવાખોર ધારાસભ્યોને પાછા લાવી રાજ્યમાં તેની સરકારને પડતા બચાવી. તે મામલામાં રાજસ્થાન હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ બંનેએ દરમિયાનગીરી કરવી પડી હતી. આ રીતે ધારાસભ્યોના વારંવાર પક્ષ બદલવાથી તેમનો લોભ અને પક્ષોમાં સત્તાનો લોભ દેખાય છે. જો કે એકપણ ધારાસભ્ય લોભના આરોપને સ્વીકારતા નથી. તમને ઘણીવાર ધારાસભ્યો કહેતા જોવા મળશે કે તેઓ તેમની પાર્ટી છોડીને બીજી પાર્ટીમાં જોડાયા છે કારણ કે તેમના મત મુજબ તેમની જૂની પાર્ટી તેના લક્ષ્યોથી ભટકી ગઈ છે. કોઈપણ ધારાસભ્ય બે પક્ષોની તદન વિરોધી વિચારધારાઓ વચ્ચેની વિસંગતતા પર પ્રકાશ ફેંકતો નથી. પક્ષપલટાના આ નવા તબક્કાનો સંભવતઃ અર્થ એ છે કે વિચારધારા ભારતમાં રાજકારણની પૃષ્ઠભૂમિ તરફ વળી ગઈ છે. પક્ષો વચ્ચેની સીમા ઓળંગવી એ રાજકારણીઓ માટે હવે મૂંઝવણનો વિષય નથી. કોઈપણ નેતા કોઈપણ દિવસે કોઈપણ પક્ષમાં જઈ શકે છે, કોઈપણ પક્ષ કોઈપણ દિવસે કોઈપણ અન્ય પક્ષ સાથે ગઠબંધન અને જોડાણ તોડી શકે છે. લોકશાહી પરનો પ્રશ્ન જટિલ છે. વિચારધારાનું રાજકારણ નબળું પડવાથી સમાજ પર શું અસર થાય છે, તે રાજકીય વૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓ માટે અભ્યાસનો વિષય છે, પરંતુ લોકશાહી માટે તેનો અર્થ સ્પષ્ટ છે. યાદ રાખો કે તમે છેલ્લે ક્યારે મતદાન કર્યું હતું. કોને વોટ આપવો એ કોઈ ને કોઈ ધોરણે નક્કી થયું જ હશે. અથવા તમને તે ઉમેદવાર ગમશે, અથવા તમને તેની પાર્ટી ગમશે. ચૂંટણી જીત્યા પછી જો ઉમેદવારની વિચારસરણીમાં બદલાવ આવે અને તમે તેને જે મત આપ્યો હતો તેનાથી સંતુષ્ટ થઈને તે બધી બાબતોથી મોં ફેરવી લે તો તમને કેવું લાગશે.? ખાસ કરીને ચૂંટણી જીત્યા બાદ પક્ષ બદલવો એ મતદાતા સાથે એક પ્રકારની છેતરપિંડી છે. આને રોકવા માટે પક્ષપલટા વિરોધી કાયદો લાવવામાં આવ્યો હતો. પરંતુ સ્પષ્ટપણે તે કાયદો ખરાબ રીતે નિષ્ફળ ગયો છે. આવી સ્થિતિમાં આ પ્રથા કેવી રીતે બંધ થશે અને ચૂંટણી લોકશાહીની પવિત્રતા કેવી રીતે વધશે તે પ્રશ્નનો જવાબ શોધવાની જરૂર છે. જગતના સૌથી મોટા લોકશાહી દેશમાં રાજકારણના આવા કાવાદાવા તો ચાલતા જ રહેવાના. કારણ કે સરકાર લોકોની છે. લોકો દ્વારા ચાલે છે લોકોના હિત માટે ચાલે છે. !!!!

# અષાઢી બીજનું અનેરૂ પર્વ રથયાત્રા

**પ્રાસંગિક**
સુરેશ દેસાઈ

અષાઢી બીજના પુણ્ય પર્વના દિવસે વિશ્વની સૌથી મોટી યાત્રા જગન્નાથપુરીમાં નીકળે છે. દર વર્ષે જગન્નાથપુરીમાં લાખો માનવીઓ ભગવાનના દર્શન કરવા માટે આવે છે. સમગ્ર વિશ્વ માટે આ નવાઈનો વિષય છે!! માત્ર ભારતની જ નહિ પરંતુ વિશ્વની સૌથી મોટી આ ધાર્મિક યાત્રા અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. ભારતમાં મુખ્ય રથયાત્રા જગન્નાથ પુરીની રથયાત્રા છે, આ ઉપરાંત અનેક શહેરોમાં આ જ દિવસે રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતમાં અમદાવાદનાં જગન્નાથ મંદિરેથી નીકળતી રથયાત્રા ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે, બીજા ક્રમે ભાવનગરમાં અમદાવાદ પછીની બીજા ક્રમની સૌથી મોટી રથયાત્રા નીકળે છે. ભાવનગર ખાતેની રથયાત્રા આપણા રાષ્ટ્રમાં ત્રીજા ક્રમની છે અને ગુજરાતમાં અમદાવાદ પછી બીજા ક્રમની છે. અમદાવાદની રથયાત્રાનો માર્ગ ૧૪ કિલોમીટરનો છે જ્યારે ભાવનગરની રથયાત્રાનો માર્ગ ૧૮ km નો હોવાથી ગુજરાતની આ સૌથી મહત્વની રથયાત્રા ગણી શકાય. ભાવનગર ખાતે આવેલા ભગવાનેશ્વર મંદિર ખાતેથી રથયાત્રાનો પ્રારંભ થાય છે ભાવનગરની રથયાત્રાનો રૂટ ૧૮ કિલોમીટરનો છે. ભગવાન જગન્નાથ અતિભવ્ય રથ પર બિરાજમાન થશે. અષાઢી બીજના પંદર દિવસ અગાઉથી રથની સજાવટ કરવામાં આવે છે. છેલ્લા આઠ દિવસથી સમગ્ર ભાવનગર શહેરમાં ભાવ ભક્તિનું વાતાવરણ સર્જાઇ રહ્યું છે. શહેરમાં છેલ્લા ૩૬ વર્ષથી દર વર્ષે પરંપરા મુજબ અષાઢ સુદ બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વરસે ૩૭ મી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષથી કોરોનાને કારણે લોકોને ભગવાન શ્રી જગન્નાથના દર્શન થઈ શક્યા ન હતા. ભગવાને જ્યારે કોરોના રૂપી રાક્ષસનો નાશ કર્યો છે ત્યારે આ વર્ષે સૌ કોઈ બમણા ઉત્સાહથી જગતના નાથ ભગવાન શ્રી જગન્નાથની નગર યાત્રાના દર્શન કરવા માટે આતુર છે. સમગ્ર નગરમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છે આ રથયાત્રાના પ્રણેતા ભીખુભાઈ ભટ્ટ હતા તેઓ ઘણા વર્ષથી હિન્દુ સમાજનું કાર્ય કરતા હતા અને હિન્દુત્વ માટે જીવનમાં અનેક સંઘર્ષો કરી પોતાની નાની ઉંમરમાં જ મહત્વની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તે પૈકી ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રા તેમની હિન્દુ સમાજ માટેની એક અનેરી દેન છે. ભાવનગરમાં હિન્દુ સમાજની જાગૃતિ માટે ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રાએ મહત્વનો ભાગ ભજવેલ છે. હિન્દુ સમાજની શ્રધ્ધાને વેગ આપેલ છે. ભાવનગરમાં એરપોર્ટ રોડ પર આવેલા ભગવાનેશ્વરના મંદિરના સંકુલમાં જગન્નાથ ભગવાનનું ભવ્ય મંદિર છે જેને છેલ્લા આઠ દિવસથી શણગારવામાં આવી રહ્યું છે. આજે સાંજે ભગવાન જગન્નાથને નિજમંદિરમાંથી રથમાં બિરાજમાન કરવામાં આવશે. વહેલી સવારે પૂજાની વિધિ બાદ ભાવનગરના રાજવી સોનાની સાવરણીથી ભગવાનના રાજ માર્ગને સાફ કરશે. આને પહિન્દવિધિ કહેવામાં આવે છે. આવતીકાલે સવારે આ વિધિ કર્યા બાદ ભગવાનની નગર યાત્રાનો ભવ્યતાથી પ્રારંભ થશે.


હવે આપણે જગન્નાથપુરીની રથયાત્રાની એક ઝલક મેળવીએ. જગન્નાથ (કૃષ્ણ), સુભદ્રા અને બલરામની મૂર્તિઓનું જગન્નાથ મંદિરમાં તો આખું વર્ષ પૂજન અર્ચન કરાય જ છે પણ વર્ષમાં એક વખત, અષાઢી બીજના દિવસે, ત્રણે મૂર્તિઓને મોટા મોટા રથમાં પધરાવી બડા ડન્ડા તરીકે ઓળખાતી પુરીની મુખ્ય બજારમાં થઈ આશરે ત્રણ કિ.મી. દૂર સ્થિત ગુંડિચા મંદિરે લવાય છે અને જાહેર જનતાને દર્શનનો લાભ આપવામાં આવે છે. આ તહેવાર "રથયાત્રા" તરીકે ઓળખાય છે. આ રથ ખુબ જ મોટાં પૈડાવાળા, સંપૂર્ણ કાષ્ટનાં બનેલા હોય છે. જે દર વર્ષે નવા બનાવાય છે અને તેને ભાવિકજનો દ્વારા ખેંચીને લઈ જવાય છે. જગન્નાથજીનો રથ આશરે ૪૫ ફિટ ઊંચો અને ૩૫ ફિટનો ચોરસ ઘેરાવો ધરાવતો હોય છે જેને બનાવતા બે માસ જેટલો સમય લાગે છે. પુરીનાં કલાકારો અને ચિત્રકારો આ રથનાં વિશાળ પૈડાંઓ કાષ્ટમાંથી કોતરેલા રથ અને ઘોડાઓ પર ફૂલપાંખડીઓ અને અન્ય આકૃત્તિઓ ચીતરે છે તેમજ સુંદર રીતે શણગારે છે. રથના સિંહાસનની પીઠિકા પર પણ ઉલટા કમળફૂલોની આકૃત્તિઓ ચિતરવામાં આવે છે. આ રથયાત્રાને "ગુંડીચા યાત્રા" પણ કહેવામાં આવે છે. રથયાત્રા સાથે સંકળાયેલી ખાસ નોંધપાત્ર વિધિ "છેરા પહેરા" ની છે. જેમાં તહેવાર દરમિયાન, ગજપતિ રાજા (ગજપતિ રાજ્યનો રાજા) સફાઈ કામદારનો પહેરવેશ સજી અને મૂર્તિઓ તથા રથની આસપાસની જગ્યા પાણી વડે ધોવાની વિધિ કરે છે. તે ઉપરાંત રથયાત્રાનાં આગમન પૂર્વે રાજા, અત્યંત



ભક્તિભાવથી, સોનાનાં હાથાવાળા સાવરણાથી રથયાત્રાનો માર્ગ વાળે છે તેમજ તે પર સુખડકાષ્ટનું સુગંધી જળ અને પાવડર છાંટે છે. રિવાજ પ્રમાણે, ગજપતિ રાજા એ કલિંગ સામ્રાજ્યનો સર્વોચ્ચ હોદ્દેદાર અને મહાનુભાવ વ્યક્તિ ગણાય છે, તે પણ જગન્નાથજીની સેવામાં નાનામાં નાનું કામ પણ કરે છે અને એ દ્વારા એવો સંદેશ આપવાનો આશય હોય છે કે ભગવાન જગન્નાથજી સમક્ષ મહાશક્તિશાળી સમ્રાટ કે સામાન્ય ભક્ત વચ્ચે કોઈ ભેદ હોતો નથી. ચેર પહરની વિધિ બે દિવસ સુધી કરાય છે, રથયાત્રાના પ્રથમ દિવસે, જ્યારે મૂર્તિઓને મૌસીમાં મંદિર (ફૂલઘર) તરફ લઈ જવાય છે ત્યારે અને પછી છેલ્લા દિવસે, જ્યારે મૂર્તિઓને ફરી શ્રી મંદિર તરફ લઈ જવાય છે ત્યારે એક અન્ય વિધિ મૂર્તિઓને શ્રી મંદિરમાંથી રથ પર પધરાવવાની હોય છે જે "પહાંદી વિજય" કહેવાય છે. રથયાત્રાના તહેવારમાં, મૂર્તિઓને જગન્નાથ મંદિરેથી રથમાં ગુંડિચા મંદિરે લઈ જવાય છે. જ્યાં તે નવ દિવસ સુધી રહે છે. તે પછી, મૂર્તિઓ ફરી રથ પર બિરાજીને શ્રી મંદિરે પધારે છે એને "બહુડા યાત્રા" કહે છે. આ પરત વેળાની યાત્રામાં ત્રણે રથ મૌસીમાં મંદિરે વિરામ લે છે અને ત્યાં ભાવિકો "પોડા પીઠા" (જે બહુધા ગરીબ લોકોના મુખ્ય ખોરાક સમો એક પ્રકારનો રોટલો હોય છે)નો પ્રસાદ લે છે. જગન્નાથની આ રથયાત્રા છેક પુરાણ કાલિન હોવાનું જણાય છે. બ્રહ્મ પુરાણ, પદ્મ પુરાણ અને સ્કંદ પુરાણમાં આ રથયાત્રાનું આબેહુબ વર્ણન જોવા મળે છે. કપિલ સંહિતામાં પણ રથયાત્રાનો ઉલ્લેખ મળે છે. મુઘલ કાળ દરમિયાન પણ, જયપુર, રાજસ્થાનના રાજા રામસિંહે પણ ૧૮મી સદીમાં પુરી ખાતે યોજાતી જગન્નાથજીની રથયાત્રાનું વર્ણન કરેલું છે. ઓડિશામાં, મયુરભંજ અને પર્લાખેમુંડીના રાજાઓ પણ પુરીની જેમ જ રથયાત્રા યોજતા.

ઈતિહાસ નોંધે છે કે ઈ.સ. ૧૧૫૦ આસપાસ ગંગા સામ્રાજ્યનાં રાજકર્તાઓ મહાન મંદિરોની પૂર્ણતા સમયે રથયાત્રાનું આયોજન કરતા. હિન્દુઓનાં કેટલાંક તહેવારોમાંનો આ એક એવો તહેવાર છે જેનાથી પશ્ચિમી જગત બહુ પહેલેથી જાણકારી ધરાવતું હતું. અર્થાત, આ તહેવાર ખુબ જ જૂના કાળથી વિશ્વના અન્ય લોકોમાં પણ જાણીતો બનેલો છે. પોર્ડેનોનનાં ફરિયાર ઓડોરિક નામનાં પ્રવાસીએ ઈ.સ.૧૩૧૬-૧૩૧૮ દરમિયાન ભારતની મુલાકાત લીધેલી, માર્કો પોલો પછી આશરે ૨૦ વર્ષે. તેણે ૧૩૨૧માં લખેલી પોતાની યાત્રાનોંધમાં વર્ણવ્યું છે કે, લોકો પોતાનાં પુજ્યોને (મૂર્તિઓને) રથમાં પધરાવતા પછી રાજા, રાણી અને બધાં લોકો તેમને "મંદિરમાંથી ગાતા, વગાડતા લઈ જતા. અમદાવાદમાં અષાઢી બીજના દિવસે રથયાત્રાનું આયોજન થાય છે. અહીં ૧૪૦ વર્ષથી રથયાત્રા યોજાય છે. અહીં જમાલપુરમાં આવેલાં ૪૦૦ વર્ષ જૂના જગન્નાથ મંદિરમાંથી સવારે રથયાત્રાનો પ્રારંભ થાય છે અને કુલ ૧૪ કિ.મી.નું અંતર કાપી સાંજે ફરી મંદિરે આવે છે. આ રથયાત્રાના એક પખવાડિયા પહેલાં, એટલે કે જેઠ માસની પૂનમને દિવસે જગન્નાથજીનો સ્નાન ઉત્સવ (જલયાત્રા) યોજાય છે. આ પ્રસંગે મંદિરમાં રહેલી મૂર્તિઓને સરઘસ સ્વરૂપે સાબરમતી નદીના કિનારે પવિત્ર સ્નાન માટે લઈ જવાય છે. આ યાત્રામાં ૧૮-૨૦ હાથીઓ સાથે હજારો ભક્તો, માથે પીતળનાં પાણી ભરેલા ઘડા લઈને જોડાય છે. સ્નાન પછી મૂર્તિઓને સરસપુરના રણછોડજી મંદિરે લઈ જવાય છે. ત્યાં વિરામ પછી જગન્નાથજી મંદિરે પરત લવાય છે અને ત્યાં હજારો શ્રદ્ધાળુઓની હાજરીમાં મહાઅભિષેક કરવામાં આવે છે. રથયાત્રા સવારે ૭-૦૦ વાગ્યાની આસપાસ શરૂ થાય છે. એ પહેલાં પરંપરાગત રીતે ગુજરાતના મુખ્યમંત્રી મંગલા આરતી (પ્રભાતની પહેલી આરતી)માં હાજર રહે છે અને રથયાત્રાના માર્ગની સફાઈના પ્રતિકરૂપ "પહિંદ વિધિ" કરે છે. રથયાત્રા બપોરે સરસપુર ખાતે રોકાય છે. જ્યાં સ્થાનિક નિવાસીઓ દ્વારા ભગવાન જગન્નાથ અને સઘળાં યાત્રીકો, શ્રદ્ધાળુઓને મહા ભોજ (પ્રસાદીરૂપે ભોજન) કરાવાય છે. સાંજે ૮-૩૦ આસપાસ રથયાત્રા ફરીને જગન્નાથ મંદિરે પરત આવે છે. આ રથયાત્રામાં ત્રણ મુખ્ય રથો સાથે ૧૮-૨૦ શણગારેલા હાથી અને વિવિધ અખાડાનાં સાધુઓ અને તેમનાં મહંતોની સવારીઓ પણ હોય છે. અમદાવાદની રથયાત્રા પુરીની રથયાત્રા પછીની દ્વિતીય ક્રમની સૌથી મોટી રથયાત્રા છે. ત્યાર પછી ભાવનગરની રથયાત્રા આવે છે. અમદાવાદની રથયાત્રાનો માર્ગ ૧૪ કિલોમીટર છે જ્યારે ભાવનગરની રથયાત્રાનો માર્ગ ૧૮ કિલોમીટર કરતાં પણ વધુ છે!! ભગવાન શ્રી જગન્નાથના મંદિરની કેટલીક રહસ્યમય વાતો જાણવા જેવી છે. ભગવાનના પૂરી સ્થિત મંદિરના દ્વાર પહેલા રહેલા પગથિયાં પાસે રહેલી સિંહ પ્રતિમાઓને લઈને પણ કેટલીક માન્યતાઓ છે. કેટલાક લોકોના કહેવા પ્રમાણે તમે જેવા સિંહની પ્રતિકૃતિ પાર કરો ત્યારે માત્ર એક પગથિયાના અંતરે તમને સમુદ્રના ઘુઘવાટનો અવાજ સંભળાય છે. પરંતુ જેવા આપ સિંહ પ્રતિકૃતિવાળુ પગથિયું પાર કરો ત્યારે આપને અવાજ સંભળાતો બંધ થઈ જશે.!!! ભગવાન શ્રી જગન્નાથના મંદિરની આશ્ચર્યની આગળ વાત કરીએ તો આજ દિન સુધી પ્રભુના મંદિરના શિખર પર કોઈ પક્ષીને બેસતા કોઈએ કદી જોયું નથી, અને પક્ષીઓ પણ જાણે રાજાધિરાજ મહારાજ પ્રભુ શ્રી જગન્નાથજીની ગરિમાને જાળવતા હોય તેમ ક્યારેય મંદિરના શિખર પરથી ઉડતા જોવા મળ્યા નથી જે આશ્ચર્યની વાત છે. વિજ્ઞાન પણ આજદિન સુધી આ બાબતોને જોઈ અચરજમાં છે. ભગવાનશ્રી જગન્નાથજીના મંદિરની એક વધુ આશ્ચર્યજનક વાત એ છે કે તેમના નિજમંદિરના મુખ્ય શિખરનો પડછાયો કદી ધરતી પર પડતો નથી.!! મંદિરના શિખર પર રહેલા સુદર્શન ચક્ર આપ જે દિશાથી જોશો તે દિશામાં આપની તરફ હોય તેવો ભાસ થશે. બતાવે છે કે ભગવાન જગન્નાથ સર્વત્ર છે, આપણી આસપાસ છે પરંતુ તે આપણી સૌથી વધુ નજીક પણ છે, આપણા દિલમાં પણ તે બિરાજમાન છે. જ્યારે આપને આની અનુભૂતિ થશે ત્યારે જીવન અને જગત આનંદમય બની જશે!!!

## શબ્દ સંજોગ-૧૩૮૧



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૫)
(૫) ભેદ,જાત (૩)
(૮) આ તો ધરતીનો છેડો (૨)
(૯) એક જાતનુ ધોળુ રેશમી કપડુ (૩)
(૧૧) બુદ્ધિ (૨)
(૧૨) પાણી પહેલા...... બાંધો (૨)
(૧૩) વિદ્યુત (૩)
(૧૫) સૂંઢ (૨)
(૧૮) બ્રહ્માના એક માનસપુત્ર (૩)
(૧૯) નકામુ (૨)
(૨૦) દોસ્ત (૨)
(૨૧) સાહિત્યકાર મનુભાઈ પંચોળીનુ ઉપનામ (આ-અ) (૩)
(૨૨) દરજ્જો (૨)
(૨૩) ધતૂરો (૩)
(૨૫) ચોર (૩)
(૨૭) ધાબળો,બનૂસ (૨)
(૨૯) મગરમચ્છ (૩)
(૩૧) મોઈનુદીન ચિશ્તીની દરગાહ અહી આવી (૪)

**ઉભી ચાવી :**
(૧) અક્ષયકુમાર, આસુતોષ રાણાની ફિલ્મ (૩)
(૨) દૂર, અતીત (૨)
(૩) ઉપાધિ, ખટપટ (૩)
(૪) કવિતાની મૂળ કડી (૨)
(૬) ઉનની ધાબળી (૩)
(૭) આસક્તિ, અનુરાગ (૨)
(૧૦) વસંતઋતુનો પાક (૨)
(૧૨) જેની આરપાર દેખાય એવુ (૫)
(૧૪) માણસ, મનુષ્ય (૨)
(૧૫) બેની સંજ્ઞા (૨)
(૧૬) દાનત તેવી.... (૪)
(૧૭) આફતાબની એક ફિલ્મઃ......,ઈશ્ક ઔર મહોબ્બત (૨)
(૧૮) એક સંસ્કાર (૫)
(૨૦) યાદી, ટાંચણ (૨)
(૨૨) ઉત્તમ (૩)
(૨૪) સાતની સંજ્ઞા (૨)
(૨૬) સ્ત્રીઓનું એક ઘરેણુ (૨)
(૨૮) ઘોડો (૨)
(૩૦) ઘરની બાજુની દિવાલ (૨)

## શબ્દ સંજોગ-૧૩૮૦ જવાબ

**આડી ચાવી :**(૧) નામ (૩) પંચામૃત (૮) રહીશ (૧૦) લાગટ (૧૧) રસિક (૧૩) સ્થપતિ (૧૭) પૂનમ (૧૯) નાઈ (૨૦) વડું (૨૨) કવચ (૨૫) કસરત (૨૭) કદાવર (૨૯) નવાબ (૩૧) ખાતર (૩૨) માર (૩૩) રગ. **ઉભી ચાવી:**(૧) નારદ (૨) મહી (૪) ચાલાક (૫) મૃગ (૬) તટસ્થ (૭) પ્રગતિ (૯) શર (૧૨) સિધ્ધ (૧૪) પલ્લવ (૧૫) દાન (૧૬) નઈ (૧૭) પુસ્તક (૧૮) મકર (૧૯) નાચ (૨૧) ડુંગર (૨૩) વતન (૨૪) સદા (૨૬) સરત (૨૭) કબર(૨૮) વખાર (૩૦) વામા.

## માર્કેટયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૮૦૦ | ૨૩૨૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૭૦ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૦૦ |
| જુવાર સફેદ | ૪૭૦ | ૬૭૫ |
| જુવાર પીળી | ૩૨૫ | ૪૪૫ |
| બાજરી | ૨૯૦ | ૪૨૧ |
| મકાઇ | ૪૬૦ | ૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૯ |
| ચણા પીળા | ૮૧૦ | ૮૫૭ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૭૭૦ |
| અડદ | ૭૫૦ | ૧૫૧૦ |
| મગ | ૧૦૫૦ | ૧૩૦૦ |
| વાલ દેશી | ૯૫૦ | ૧૭૭૫ |
| વાલ પાપડી | ૧૮૨૫ | ૧૯૮૦ |
| ચોળી | ૯૦૦ | ૧૨૧૫ |
| વટાણા | ૭૫૦ | ૧૨૭૧ |
| કળથી | ૭૩૫ | ૮૯૦ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૫૮ |
| મગફળી જીણી | ૧૦૮૦ | ૧૩૧૦ |
| અળશી | ૧૧૦૦ | ૧૨૩૦ |
| તલી | ૨૦૮૪ | ૨૨૬૭ |
| સુરજમુખી | ૮૨૫ | ૧૧૩૫ |
| એરંડા | ૧૩૫૧ | ૧૪૫૧ |
| અજમો | ૧૪૨૫ | ૨૦૦૫ |
| સુવા | ૧૨૫૦ | ૧૪૪૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૨૫ |
| સીંગફાડા | ૧૧૨૫ | ૧૫૭૫ |
| કાળા તલ | ૨૦૮૦ | ૨૫૯૦ |
| લસણ | ૧૦૦ | ૩૪૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૧૧ |
| ધાણી | ૧૮૨૧ | ૨૨૫૩ |
| વરીયાળી | ૧૯૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૬૨૧ | ૪૦૫૦ |
| રાય | ૧૦૯૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૯૦ | ૧૨૦૦ |
| કલોંજી | ૧૯૦૦ | ૨૫૬૦ |
| રાયડો | ૧૦૮૦ | ૧૨૧૦ |
| રજકાનું બી | ૩૨૦૦ | ૪૦૫૦ |
| ગુવારનું બી | ૮૦૦ | ૯૯૫ |

**રાજકોટ(શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૦૦ | ૭૫૦ |
| બટેટા | ૨૦૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૨૬૦ |
| ટમેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૫૫૦ | ૭૫૦ |
| કોથમરી | ૩૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૨૫૦ |
| કોબીજ | ૨૭૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૩૫૦ | ૪૫૦ |
| ભીંડો | ૫૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૯૫૦ |
| ચોળાસીંગ | ૪૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૫૦ |
| દુધી | ૨૩૦ | ૪૨૦ |
| કારેલા | ૫૫૦ | ૭૦૦ |
| સરગવો | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૫૦ | ૯૫૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગાજર | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૫૦ |
| આદુ | ૫૫૦ | ૭૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૫૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૧૦૫૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૪૦૦ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૨૦ | ૨૩૯૦ |
| શિંગ મઠડી | ૧૧૩૦ | ૧૩૦૨ |
| શિંગ મોટી | ૧૦૫૮ | ૧૩૨૬ |
| શિંગ દાણા | ૧૪૯૦ | ૧૮૨૧ |
| શિંગ ફાડા | ૧૩૧૮ | ૧૭૬૬ |
| તલ સફેદ | ૧૨૨૦ | ૨૨૯૯ |
| તલ કાળા | ૧૪૧૦ | ૨૬૧૫ |
| તલ કાશ્મીરી | ૨૧૧૨ | ૨૧૭૨ |
| બાજરો | ૪૭૦ | ૪૭૦ |
| જુવાર | ૪૪૪ | ૬૭૦ |
| ઘઉં ટુકડા | ૩૫૯ | ૫૨૧ |
| ઘઉં લોકવન | ૩૭૦ | ૪૭૫ |
| મગ | ૯૫૫ | ૧૨૦૪ |
| ચણા | ૬૦૦ | ૮૪૯ |
| ચોળી | ૭૯૬ | ૮૦૩ |
| તુવેર | ૬૭૫ | ૧૧૪૪ |
| એરંડા | ૧૨૪૨ | ૧૪૨૭ |
| જીરું | ૩૪૦૦ | ૩૭૯૨ |
| ધાણા | ૧૯૦૦ | ૨૧૨૨ |
| મેથી | ૮૭૫ | ૯૭૬ |
| સોયાબીન | ૧૦૬૫ | ૧૩૯૯ |

**અમરેલી(શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણાં | ૧૮૦ | ૨૫૦ |
| ફુલાવર | ૪૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૭૦૦ | ૯૦૦ |
| સુરણ | ૪૫૦ | ૬૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કરેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૮૦ | ૨૮૦ |
| કાકડી | ૪૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૯૫૦ |
| ચોળાશીંગ | ૬૦૦ | ૭૪૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૪૫૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૮૫૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૫૦૦ |
| બીટ | ૩૭૦ | ૫૦૦ |
| સરગવો | ૭૦૦ | ૯૮૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૯૦ | ૨૧૦ |
| લસણ સૂકુ | ૨૦૦ | ૬૪૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૮૦ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૪૦૦ | ૬૪૫ |
| બાજરી | ૨૯૫ | ૪૧૫ |
| ઘઉં | ૩૭૦ | ૪૬૮ |
| મગ | ૯૪૦ | ૧૨૧૫ |
| અડદ | ૬૯૦ | ૧૩૯૦ |
| તુવેર | ૧૧૧૫ | ૧૧૫૦ |
| ચોળી | ૪૦૦ | ૧૦૪૦ |
| મેથી | ૫૦૦ | ૧૦૩૬ |
| ચણા | ૭૦૦ | ૮૯૯ |
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૬૫ |
| એરન્ડા | ૯૦૦ | ૧૪૫૦ |
| તલી | ૨૧૦૦ | ૨૨૯૫ |
| તલ કાળા | ૨૦૬૫ | ૨૫૭૫ |
| રાયડો | ૯૦૦ | ૧૨૧૦ |
| લસણ | ૭૦ | ૩૯૦ |
| કપાસ | ૧૭૬૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૨૭૩૫ | ૪૧૪૦ |
| અજમો | ૧૮૫૦ | ૨૬૦૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૧૭૫૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૫૦ |
| ગુવાર (ગમ) | ૧૦૦૦ | ૧૦૩૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૭૧૦ |
| કલોંજી | ૮૦૦ | ૨૩૭૫ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૮૬ | ૪૪૦ |
| ઘઉં ટુકડા | ૩૯૮ | ૫૦૦ |
| કપાસ | ૧૧૧૧ | ૨૩૧૧ |
| મગફળી જીણી | ૯૨૫ | ૧૩૧૧ |
| મગફળી જાડી | ૮૨૦ | ૧૩૬૧ |
| મગફળી નવી | ૯૫૦ | ૧૨૯૧ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૭૯૧ |
| શીંગ ફાડા | ૧૧૪૧ | ૧૫૫૧ |
| એરંડા | ૧૦૫૧ | ૧૪૫૬ |
| તલ | ૧૭૦૧ | ૨૨૫૧ |
| તલ લાલ | ૧૮૦૦ | ૨૬૫૧ |
| જીરૂ | ૨૨૫૦ | ૪૦૭૧ |
| ઈસબગુલ | ૧૬૭૬ | ૨૪૧૧ |
| વરિયાળી | ૧૬૫૧ | ૧૯૯૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૨૪૧ |
| ધાણી | ૧૧૦૦ | ૨૨૬૧ |
| લસણ | ૧૦૧ | ૪૩૬ |
| ડુંગળી | ૯૧ | ૨૮૬ |
| ડુંગળી સફેદ | ૯૧ | ૧૬૧ |
| બાજરો | ૨૭૧ | ૪૧૧ |
| જુવાર | ૪૩૧ | ૬૯૧ |
| મકાઈ | ૪૫૧ | ૪૫૧ |
| મગ | ૯૭૬ | ૧૨૭૧ |
| ચણા | ૭૨૬ | ૮૫૬ |
| વાલ | ૬૫૧ | ૧૨૭૬ |
| વાલ પાપડી | ૭૫૧ | ૧૭૦૧ |
| અડદ | ૭૨૬ | ૧૪૯૧ |
| ચોળા/ચોળી | ૯૦૧ | ૯૦૧ |
| તુવેર | ૯૫૧ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૮૬ |
| રાઈ | ૧૧૦૧ | ૧૧૧૧ |
| મેથી | ૬૦૧ | ૧૦૫૧ |
| ગોગળી | ૬૭૬ | ૧૦૩૧ |
| કાંગ | ૪૦૦ | ૪૬૧ |
| સુરજમુખી | ૮૯૧ | ૧૧૪૧ |
| વટાણા | ૩૪૧ | ૯૬૧ |

**ધારી**

| | | |
|---|---|---|
| ચણા | ૭૪૦ | ૮૪૦ |
| શીંગ દાણા | ૧૭૩૧ | ૧૭૩૫ |
| મગ | ૯૧૦ | ૧૧૮૦ |
| સફેદ તલ | ૨૨૨૫ | ૨૨૨૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૮૩૦ | ૨૦૧૦ |
| મેથી | ૪૩૦ | ૮૧૦ |
| રાઈ | ૧૦૭૬ | ૧૦૭૬ |
| કાળા તલ | ૨૨૩૦ | ૨૨૩૦ |
| શીંગ ફાડા | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ચોળી | ૮૧૦ | ૮૧૦ |
| તુવેર | ૧૧૧૧ | ૧૧૧૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| બાજરો | ૪૫૧ | ૪૬૬ |
| જુવાર | ૬૫૦ | ૭૧૩ |
| ઘઉં ટુકડા | ૩૨૫ | ૪૭૧ |
| મકાઇ | ૪૧૪ | ૪૫૧ |
| મગ | ૯૦૦ | ૧૧૮૧ |
| અડદ | ૯૫૦ | ૧૩૮૧ |
| ચણા | ૭૨૫ | ૮૩૫ |
| રાય | ૧૧૫૦ | ૧૧૫૦ |
| શીંગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૮૫૦ |
| તલ સફેદ | ૧૮૯૨ | ૨૨૯૫ |
| તલ કાળા | ૨૧૫૦ | ૨૩૨૨ |
| મેથી | ૧૦૪૧ | ૧૦૪૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અજમા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૯૨૫ | ૨૦૫૧ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૪૦ | ૨૦૪૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૪૩૬ |
| ચણા | ૭૦૦ | ૮૨૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૯૦ |
| મગ | ૧૦૦૦ | ૧૧૭૧ |
| સોયાબીન | ૧૨૩૫ | ૧૨૭૦ |
| સીંગદાણા | ૧૪૨૫ | ૧૭૧૫ |
| તલ સફેદ | ૨૧૫૫ | ૨૨૩૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૮૫૧ | ૨૪૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૩૩૧ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૯૨૧ |
| તલ | ૧૯૪૫ | ૨૨૯૪ |
| તલ કાળા | ૨૦૨૫ | ૨૫૯૬ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૬૦ |
| બાજરો | ૩૭૦ | ૫૮૬ |
| જુવાર | ૪૦૦ | ૬૬૨ |
| મકાઈ | ૪૫૦ | ૫૨૫ |
| મગ | ૧૦૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ચણા | ૮૦૦ | ૮૬૭ |
| તુવેર | ૮૫૦ | ૧૧૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૦૦ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૨૨૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૭૦૦ | ૧૯૫૫ |
| મગફળી જીણી | ૧૨૫૬ | ૧૨૫૬ |
| મગફળી જાડી | ૧૧૭૨ | ૧૨૬૮ |
| એરંડા | ૧૩૧૧ | ૧૪૧૬ |
| જુવાર | ૩૬૧ | ૭૦૬ |
| બાજરો | ૩૦૨ | ૪૭૮ |
| ઘઉં | ૩૮૬ | ૬૩૯ |
| મકાઈ | ૪૧૧ | ૪૧૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૪૦૦ |
| મગ | ૧૦૩૫ | ૧૨૪૯ |
| સુરજમુખી | ૪૦૧ | ૪૦૧ |
| ચણા | ૭૫૧ | ૯૫૫ |
| તલ | ૧૮૦૦ | ૨૨૮૩ |
| તલ કાળા | ૧૫૦૦ | ૨૫૭૫ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ચોળી | ૫૨૪ | ૫૨૪ |
| ડુંગળી | ૮૩ | ૩૦૦ |
| ડુંગળી સફેદ | ૧૭૮ | ૨૧૪ |
| નાળિયેર | ૬૩૧ | ૨૦૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૮૦ | ૨૨૭૦ |
| મગફળી | ૧૧૧૬ | ૧૨૪૦ |
| તલ | ૧૮૪૦ | ૨૧૬૦ |
| તલ કાળા | ૧૮૩૫ | ૨૪૫૫ |
| ચણા | ૮૩૫ | ૮૪૫ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| તલ કાળા | ૨૪૯૦ | ૨૪૯૦ |
| મગફળી | ૯૯૫ | ૧૨૧૧ |

**તળાજા**

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૧૫ |
| મગફળી જાડી | ૯૨૫ | ૧૩૦૦ |
| તલ | ૧૬૦૦ | ૨૨૯૫ |
| તલ કાળા | ૧૭૨૦ | ૨૫૮૪ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૨૦ |
| બાજરો | ૩૮૦ | ૪૭૪ |
| જુવાર | ૪૦૦ | ૫૦૧ |
| અડદ | ૧૪૧૦ | ૧૪૩૨ |
| મગ | ૧૧૦૦ | ૧૨૮૧ |
| ચણા | ૬૫૦ | ૮૫૪ |
| તુવેર | ૯૯૫ | ૧૦૦૮ |
| ધાણા | ૨૦૫૦ | ૨૧૦૧ |
| અજમો | ૧૪૬૧ | ૧૪૬૧ |
| મેથી | ૯૧૫ | ૯૮૦ |
| રાઈ | ૯૧૫ | ૧૧૩૨ |
| કાળીજીરી | ૧૭૦૦ | ૧૭૦૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી ૨૦ | ૧૦૫૦ | ૧૪૧૫ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૪૯ |
| બાજરો | ૩૫૫ | ૪૫૩ |
| ઘઉં ટુકડા | ૩૭૪ | ૫૩૨ |
| જુવાર | ૪૮૫ | ૭૦૪ |
| મગ | ૧૦૦૦ | ૧૪૧૪ |
| અડદ | ૧૨૫૦ | ૧૫૬૧ |
| એરંડા | ૧૩૧૫ | ૧૩૧૫ |
| ચણા | ૬૦૦ | ૮૭૦ |
| તલ | ૧૬૫૦ | ૨૨૬૦ |
| તલ કાળા | ૧૮૭૫ | ૨૫૫૨ |
| સોયાબીન | ૧૦૭૫ | ૧૨૩૯ |
| ચોળી | ૬૫૦ | ૧૧૦૬ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

### નિર્ણય : ઘરેલુ તથા કોમર્શિયલ વપરાશના બોરવેલ માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી ફરજિયાત બનશે

# તૈયાર રહો..હવે બોરમાંથી પાણી લેવા પૈસા ચૂકવવા પડશે

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સહિત દેશભરમાં ભૂગર્ભ જળ સ્તરને લઈને ચિંતા વધી રહી છે. ત્યારે કેન્દ્ર સરકારનો જળ સંપત્તિ વિભાગ મહત્ત્વનો નિર્ણય કરવા જઈ રહ્યો છે, જેમાં હવે હયાત બોરવેલ માટે પણ નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ લેવું ફરજિયાત બની જશે. આ ઉપરાંત બોરવેલ બનાવવા માટે ચાર્જ પણ ભરવો પડશે. આમ, હવે નવા બોરવેલ બનાવવા માટે મંજૂરી લેવાની સાથે સાથે નાણાકીય બોજ પણ ઝીલવો પડશે. જમીનમાં જળ સ્તર જે રીતે ઊંડા જઈ રહ્યા છે ત્યારે હવે ભૂગર્ભ જળનો ઉપયોગ કરવા માટે નાણાકીય ચુકવણી કરવી પડશે. કેન્દ્ર સરકાર દ્વારા આ અંગે રૂપિયા ૧૦ હજારની રકમ પણ નક્કી કરવામાં આવી છે. સિંચાઈ માટે જે લોકો કૂવો ખોદતા હોય, બોર બનાવતા હોય તે લોકો માટે, એટલે કે કૃષિ સિંચાઈક્ષેત્રને આ પોલિસીમાંથી બાકાત રાખવામાં આવી છે. કેન્દ્ર સરકાર આગામી સમયમાં આ



પોલિસી અમલી બનાવવા જઈ રહી છે, ત્યારે દરેક રાજ્યમાં આ પોલિસી અમલી બને એ માટે આગામી સમયમાં કેન્દ્રીય જળ સંપત્તિ વિભાગ તમામ રાજ્યના મુખ્ય સચિવને પત્ર લખીને માહિતગાર કરશે. કેન્દ્ર સરકારની આ પોલિસી શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં લાગુ પડશે. તમામ રાજ્યનાં રહેણાક એપાર્ટમેન્ટ્સ, ગ્રુપ હાઉસિંગ સોસાયટીઓ, શહેરી વિસ્તારની સરકારી જળ વિતરક એજન્સીઓ, જથ્થાબંધ જળ વિતરકો, ઔદ્યોગિક, માળખાગત, માઈનિંગ પરિયોજનાઓ, સ્વિમિંગ પૂલ માટે તેમજ પીવા તથા ઘરેલુ વપરાશમાં લેનારા સહિત તમામ ભૂગર્ભ જળ વપરાશ કરનારાઓ માટે આ પોલિસી અમલી બનશે. આ યોજનામાં અરજી કરવાની મુદત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૨ નક્કી કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી પટેલ કોરોનાગ્રસ્ત થતા ગૃહમંત્રી અમિત શાહ પહિંદવિધિ કરે તેવી શક્યતા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩૦

રથયાત્રા પહેલાં પહિંદવિધિને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પહિંદવિધિ કરી શકે છે. પરંતુ પહિંદ વિધિ અંગે સત્તાવાર જાહેરાત સાંજે કરાશે. સામાન્ય રીતે રથયાત્રામાં પહિંદવિધિ રાજ્યના મુખ્યમંત્રી કરે છે. પરંતુ હાલ સીએમ ભૂપેન્દ્ર પટેલ કોરોના પોઝિટિવ છે. CM કોરોના પોઝિટિવ હોવાથી પહિંદવિધિ કરી શકે તેમ નથી.



વિધિ પ્રમાણે રાજ્યના વડા કે રાજા જ પહિન્દવિધિ કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે (બુધવાર) ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કોરોના સંક્રમિત થયા છે. રથયાત્રાના ગણત્રીના દિવસો અગાઉ જ તેઓ કોરોના સંક્રમિત થતા હવે તેઓ હોમ ક્વોરન્ટાઈન થયા છે. સામાન્ય લક્ષણો જણાતા તેમણે કોરોના ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં રિપોર્ટ પોઝિટિવ આવતા આખરે તેઓએ હોમ ક્વોરન્ટાઈન થવાનો નિર્ણય લીધો છે. જો કે તેઓ કોરોના પોઝિટિવ થતા જ હવે રથયાત્રાની પહિંદવિધી પર સવાલ પેદા થઈ ચુક્યાં છે. ગુજરાતમાં રથયાત્રામાં વર્ષોથી મુખ્યમંત્રી હંમેશા માટે પહિંદવિધિ કરતા આવ્યા છે.

# અમદાવાદમાં હિટ એન્ડ રન: પુરપાટ ઝડપે આવતી કારે બે યુવકોને ફંગોળ્યા

(જી.એન.એસ)અમદાવાદ,તા.૩૦

અમદાવાદના મણિપુરમાં રહેતો સારંગ સુભાષ કોઠારી(૨૧) અને મિત્ર સુરેશ સરદારજી ઠાકોર(૨૨) સરખેજની જસ્ટ ડોગ નામની ઓફિસમાં નોકરી કરતા હતા. તેઓ નિત્યક્રમ અનુસાર નોકરી પૂરી કરીને સારંગ અને સુરેશ, સારંગના બાઈક પર ઘરે આવવા નીકળ્યા હતા, બંને મિત્રો કર્ણાવતી ક્લબ પાછળના



મોહંમદપુરા ઝવેરી સર્કલથી એસપી રિંગરોડ તરફ જતા હતા, ત્યારે સામેથી પૂરઝડપે રોંગ સાઈડે આવેલી કારે સારંગના બાઈકને ટક્કર મારી હતી. કાર એટલી સ્પીડમાં હતી કે અકસ્માત થતાં જ સારંગનું બાઈક તૂટી ગયું હતું, જ્યારે જીપના આગળના ભાગનો ખૂરદો બોલી ગયો હતો. આ અકસ્માતમાં સુરેશ અને સારંગ બાઈકથી ૧૫ થી ૨૦ ફૂટ દૂર સુધી ફંગોળાતાં માથા-શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી સુરેશ અને સારંગના સ્થળ પર જ મોત નિપજ્યા હતા.

# ભાવનગરમાં અંદાજિત રૂ. ૨૯૭ કરોડના રીંગરોડ પ્રોજેક્ટને સરકારની લીલીઝંડી

(જી.એન.એસ)ભાવનગર,તા.૩૦

રાજ્યના શહેરી વિસ્તારોમાં જનસુખાકારી સુવિધાની વૃદ્ધિ માટે રાજ્ય સરકારે વધુ એક જનહિતલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સની એજીએમમાં ભાવનગર શહેરના આ રીંગરોડ પ્રોજેક્ટની જાહેરાત કરતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ૪.૭૫



કિલોમીટરનો નવા બંદર રોડથી જુના બંદર જંકશન સુધી લિંક, ૨.૩૫ કિલોમીટરનો જુના બંદર જંકશનથી કેબલ સ્ટેયડ બ્રિજ સુધી લિંક, ૧૪.૫૦ કિલોમીટરનો કેબલ સ્ટેયડ બ્રીજથી નિરમા જંકશન સુધી લિંક, ૧.૩૦ કિલોમીટરનો રુવા રવેચી ધામ થી નવા બંદર રોડ સુધી લિંક તેમજ ટોપ થ્રી સિનેમાથી ટોપ થ્રી સર્કલ અને ટોપ થ્રી સર્કલથી માલણકા જંકશન લિંક સુધીનો અંદાજિત ૨૪ કિલોમીટરનો આ સમગ્ર રીંગરોડ પ્રોજેક્ટ રૂ.૨૯૭ કરોડના ખર્ચે તૈયાર થશે. ભાવનગરમાં આકાર પામનાર આ રીંગરોડને પરિણામે ભાવનગરના માર્ગો પરનું ટ્રાફિક ભારણ હળવું થશે. ભાવનગર શહેરના આ મહત્વપૂર્ણ રીંગરોડ પ્રોજેક્ટને મંજૂર કરવા બદલ મંત્રી વાઘાણીએ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.

# કોડીનાર મુકામે મતદાર જાગૃતિ કાર્યક્રમની ઉજવણી

કોડીનાર તા.૩૦



જીવનદીપ હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનાર ખાતે હેલન - કેલર દિવસ અને મતદાર જાગૃતિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. નાયબ મામલતદાર હેમાંગીબેન પટેલ દ્વારા ચૂંટણીકાર્ડ કઢાવવા ચૂંટણી દરમિયાન વોટીંગ કરવા, વોટીંગ બુથ પર મળતી સેવાનો લાભ લેવા તેમજ ૧૮ વર્ષ પૂર્ણ થયા હોય તેઓને ચૂંટણીકાર્ડ કઢાવવા અંગે જરૂરી દસ્તાવેજની માહિતી આપવામાં આવી હતી.

# મોરબીમાં યુવાને પુલ પરથી નદીમાં લગાવી મોતની છલાંગ

(જી.એન.એસ)સુરેન્દ્રનગર,તા.૩૦

મોરબી શહેરના મયુર પુલ ઉપરથી અંદાજે ૪૨થી ૪૫ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર મચ્છુ નદીમાં મોતની છલાંગ લગાવતાં નદીના પટ્ટમાં પડેલા પથ્થરો ઉપર ધડાકાભેર પટકાતાં આ યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. આ ગોઝારા બનાવની જાણ થતા જ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ મથકના પ્રફુલભાઈ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. અને મૃતક યુવાનના વાલી અને પરિવારજનોની ભાળ મેળવવા તપાસ શરૂ કરી છે. મોરબી શહેરના મયુર પુલ ઉપરથી કોઈ અજાણ્યા યુવાને મોતની છલાંગ લગાવી મોતને વ્હાલું કરી લીધું હતું. આ યુવાનના વાલી અને પરિવારજનોને શોધવા સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

# ભાવનગર શહેરમાં શિવભક્ત રાવણના મંદિરનું થશે નિર્માણ

(એ.આર.એલ),ભાવનગર,તા.૩૦

સૌરાષ્ટ્રના ભાવનગરમાં શિવભક્ત રાવણના મંદિરનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ શિખરબંધ મંદિર બનાવવાની નેમ રાવણ ભક્ત રવી ઓઝાએ કરી હતી. લંકાપતિ રાવણ શિવના ભક્ત હતા. જેથી રાવણદહન પણ બંધ કરવું જોઈએ તેવી માંગ પણ ઓઝા દ્વારા કરવામાં આવી હતી. હવે આ મંદિર બની ચુક્યું છે અને શિવજીના મંદિરમાં શિવલીંગની બાજુમાં જ રાવણની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા પણ કરવામાં આવી છે. રવી ઓઝા ઓનલાઈન આરતી દ્વારા રાવણની મૂર્તિના દર્શન કરાવે છે. ભારતની અન્ય ઘણી જગ્યાએ રાવણની પૂજા કરવામાં આવે છે. હવે ટૂંક સમયમાં સૌરાષ્ટ્રમાં પણ રાવણ મંદિર બની જશે.

# કેશોદની યુવતીનો બીભત્સ વીડિયો વાયરલ કરનાર ત્રણની ધરપકડ

(જી.એન.એસ)જૂનાગઢ,તા.૩૦

જૂનાગઢના કેશોદમાં રહેતી એક યુવતી પોતાના ઘરે હતી તે સમયે તેને સોશિયલ મીડિયામાં કોઈએ એક લીંક મોકલી હતી. જેથી તે ખોલીને જોતા તેમાં તેણીના ફોટાવાળો વીડિયો બનાવીને કોઈએ તેમાં બીભત્સ લખાણ કરીને ધમકીભર્યા શબ્દો વાપરીને તેને વાયરલ કર્યો હતો. જેમાં વીડિયો સોશિયલ મીડિયાની સાઈટ ઉપર મૂકીને બદનામ કરનાર ત્રણ શખ્સોની ઓળખ મેળવી લીધી હતી.



જેના આધારે સાયબર પોલીસની ટીમે રઘુવીરસિંહ ધરમસિંહ પાડવી, સાગર વિજયકુમાર વસાવા અને નિતીન અમરસિંહ પાડવી નામના શખ્સોને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કોડીનારમાં આંગણવાડી વિભાગ દ્વારા તાલીમ અને માર્ગદર્શન કેમ્પ

ડોળાસા,તા.૩૦

કોડિનાર ખાતે જિલ્લા વિકાસ અધિકારી રવિન્દ્ર ખતાલે તથા પ્રોગ્રામ ઓફિસર આર. કે. મકવાણાના માર્ગદર્શન હેઠળ આંગણવાડી વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. સેગ-પૂર્ણા યોજના અંતર્ગત પૂર્ણા સખી સહસખીને વિવિધ એજન્ડા મુજબ ઘટક-૧ તથા ઘટક-૨ ના તમામ ૯ સેજાઓમાં વિવિધ મુદ્દાઓ પર તાલીમ આપવામાં



તસવીર : અનિલ કાનાબાર

આવી હતી. જેમાં સેટકોમનો સબલા કીટ નિદર્શન અંગેનો વીડિયો દ્વારા સમજણ અને માહિતી, આઈએફએ ટેબલેટ લેવાના ફાયદા વિષે સમજ, અંગત સ્વચ્છતા બાબતની સમજ સહિતના મુદ્દે તાલીમ અને માર્ગદર્શન અપાયુ હતું.

# કોડીનાર ખાતે ગ્રીનલાઈફ ફાઉન્ડેશન દ્વારા વૃક્ષારોપણ

કોડીનાર, તા.૩૦

ગ્રીનલાઈફ ફાઉન્ડેશન-કોડીનારનાં પ્રમુખ વર્ષાબેન બારડના પુત્ર રાજ બારડના જન્મદિવસ નિમિત્તે સ્વ.ડો.પ્રીયાંશી ચાવડા બીજ બેંક-કોડીનાર તથા વન વિભાગ કોડીનારનાં સહયોગથી કોડીનાર શહેરના ૫૧૨ આવાસ યોજનાના કોમન પ્લોટમાં વૃક્ષારોપણ કરાયું હતું. આ તકે હરીભાઈ વાળા, અભેસિંહ મોરી, રવેસિંહ ચાવડા, અજીતભાઈ ચાવડા હાજર રહ્યા હતા.



# કોડીનારમાં જવેલર્સના વેપારી સામે છેતરપિંડીની ફરિયાદ

કોડીનાર, તા.૩૦

કોડીનારમાં શ્રીજી જવેલર્સ નામની દુકાન ધરાવતા અને સોનાના દાગીના બનાવતા લલિતભાઈ બી. લોઢીયાએ છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ મોરડીયા ગામના અરજનભાઈ ભોળાએ કોડીનાર પોલીસમાં કરી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, અરજનભાઈ ગત તા.૧૦-૬નાં રોજ શ્રીજી જવેલર્સ નામની દુકાનમાં સોનાના દાગીના બનાવવા માટે ગયા હતા. ત્યારે દુકાન માલિક લલિતભાઈને દાગીના બનાવવા માટે રૂ.બે લાખ સુધી પેટે અને જુના દાગીના ૧૦.૭૮ ગ્રામ આપેલ હતા. ઉપરાંત સોનાનો સેટ તથા મંગળસૂત્ર બનાવવા માટે ઓર્ડર પણ આપ્યો હતો. ત્યારે દુકાન માલિક લલિતભાઈએ તા.૨૭-૬ ના રોજ દાગીના લઈ જવા જણાવ્યું હતું. જેથી ઉપરાક્ત દુકાને અરજનભાઈ ગયા હતા પરંતુ દુકાન બંધ હતી. આજુબાજુ તપાસ કરતા જાણવા મળ્યું હતુ કે, આ દુકાન ચાર દિવસથી બંધ છે. જેથી લલિતભાઈના મુકામે ગયા હતા. જ્યાંથી જાણવા મળેલ કે તેઓ મકાન વેંચી કોડીનાર જતા રહ્યા છે. જે અંગે ફરિયાદ નોંધાવા પામી છે.


MARUTI SUZUKI HYUNDAI TATA TOYOTA Mahindra

કૌશીકભાઈ ૮૩૪૭૯૨૪૬૦૮
જફરભાઈ ૯૭૩૭૨૬૦૫૧૮

નાગનાથ મોટર્સ

કેશલેશ સુવિધા ઉપલબ્ધ

સેલ્સ ▪ સર્વિસ ▪ ઈન્સ્યોરન્સ

ગાડી જૂની લે-વેચ માટે વિશ્વાસપાત્ર સ્થળ...

તમામ ગાડીનું સર્વિસ વર્ક તેમજ બોડી વર્ક (ઈન્સ્યોરન્સ) તેમજ ઓન રોડ, સર્વિસ, બ્રેક ડાઉન વગેરે વિશ્વાસપાત્ર રીતે કરી આપીશું

લાઠી રોડ, બાયપાસ, આલ્ફા મોટર્સની બાજુમાં, અમરેલી



-: જોઈએ છે :-

નવરચના સમાજ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ,સંચાલિત-ઈતરીયા કુમાર છાત્રાલય, મુ. વેળવા, તા.કોડીનાર

વિકસતી જાતી કલ્યાણખાતું ગુજ.રાજય ગાંધીનગર દ્વારા માન્ય શ્રી ઈતરીયા કુમાર છાત્રાલય, વેળવા માટે નીચેની વિગતે સ્ટાફ માટે જીલ્લા સમાજકલ્યાણ(વિ.જા.) વેરાવળનાં NOC. મુજબ ભરતી માટે અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ. | જગ્યા | લાયકાત | અનામત | પગાર |
|---|---|---|---|---|
| ૧. | ગૃહપતિ-૧ | S.S.C પાસ (અનુભવી) | SEBC | સરકારશ્રીના નિયમાનુસાર |
| ૨. | રસોયા-૧ | ધો.૮ પાસ | SEBC | " |
| ૩. | ચોકીદાર-૧ | ધો.૮ પાસ | SEBC | " |

નોંધ:- ઉપરોક્ત જગ્યામાં જોડાવા માંગતા લાયકાત મુજબના ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-૧૦માં પ્રમાણ પત્રો સાથે અરજી ટપાલથી કે રૂબરૂ બંધ કવરમાં નીચેના સરનામે પહોંચતી કરવી.

-:સ્થળ:-
મુ.વેળવા, તા.કોડીનાર
જી.ગીરસોમનાથ
ઠે.શ્રી સુભાષ શૈક્ષણિક સંકુલ,
ઉના-કોડીનાર હાઈવે, વેળવા

સહી,
પ્રમુખશ્રી
નવરચના સમાજ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, મુ.વેળવા, તા.કોડીનાર



અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ

એકલવ્ય કોમર્સ

100% કોમર્સ

ધોરણ - ૧૧/૧૨ કોમર્સ (ગુજરાતી મીડીયમ)

શું કામ SPECIAL COMMERCE? તો આ રહી અમારા વિશેષતાઓ...

દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ.

ધોરણ ૧૧-૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ્સ

વિદ્યાર્થીઓને વર્તમાન પ્રવાહોથી વાકેફ રાખવા માટે લાયબ્રેરીની સગવડતા

છેલ્લા ૧૪ વર્ષના બોર્ડના પેપરોનું સોલ્યુશન

ધો. ૧૧/૧૨ કોમર્સમાં પ્રવેશ પરિક્ષા આપી તમારૂ એડમીશન મેળવો

મર્યાદીત એડમીશન બાકી હોય વહેલા તે પહેલાના ધોરણે એડમીશન મળશે

વર્તમાન ટેકનોલોજીને અનુરૂપ LCD Projector દ્વારા જરૂરી શિક્ષણ.

▪ ગર્લ્સ અને બોયઝ બંને માટે અલગ અલગ હોસ્ટેલની વ્યવસ્થા
▪ બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ
▪ સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે વિકલી લેકચર
▪ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એક નવા જ દ્રષ્ટિકોણ સાથેનું કોમર્સ એજયુકેશન

અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ ૧૧ કોમર્સથી CA FOUNDATION ની તૈયારી કરાવતી સંસ્થા

એડમીશન મેળવવા માટે તુરંત સંપર્ક કરો

નિકુંજ ગઢવાલા ▪ મો. ૯૧૦૬૬ ૩૪૪૨૬
ભરત સાવલીયા ▪ મો. ૯૯૭૯૪ ૪૯૬૪૯

લાઠી રોડ, અમરેલી.

# દેશમાં કોરોના દર્દીઓની સંખ્યામાં વધારો એક દિવસમાં ૧૮ હજારથી વધુ કેસ નોંધાયા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩૦

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા દર્દીઓની સંખ્યામાં વધારો થાય છે. ગુરુવારે ભારતમાં ૧૮ હજારથી વધુ નવા દર્દીઓ મળી આવ્યાં છે. જ્યારે ૩૯ દર્દીઓના મોત થયા છે. આમ છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં કોરોનાના કેસના આંકડા ચોંકવનારા આવી રહ્યાં છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના



૧૮,૮૧૯ નવા કેસો મળી આવ્યા છે. સૌથી વધુ કેસવાળા પાંચ રાજ્યોમાં કેરળ ૪,૪૫૯ નવા કેસો સાથે પહેલા નંબર પર છે. તે મહારાષ્ટ્રમાં ૩,૯૫૭, કર્ણાટક ૧,૯૪૫, તમિલનાડુમાં ૧,૮૨૭ અને પશ્ચિમ બંગાળમાં ૧,૪૨૪ કેસો નોંધાયા છે. આ પાંચ રાજ્યોમાં કુલ નવા કેસમાં ૭૨.૩૪ ટકા છે. નવા કેસોમાંથી ૨૩.૬૯ ટકા કેસો તો માત્ર કેરળમાંથી જ નોંધાયા છે. દેશમાં અત્યાર સુધી પાંચ લાખથી વધુ લોકોના કોરોનાને લઈને મોત નિપજ્યાં છે. બીજી બાજુ ભારતનો રિકવરી રેટ હવે ૯૮.૫૫ ટકા થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૧૩,૮૨૭ દર્દીઓ કોરોનાને મહાત આપીને સ્વસ્થ્ય થઈ ઘરે પરત ફર્યા છે. જેને લઈને દેશભરમાં સાજા થનારા લોકોની કુલ સંખ્યા ૪,૨૮,૨૨,૪૯૩ થઈ ગઈ છે. દેશમાં કોરોનાના નવા દર્દીઓના આગમન બાદ એક્ટિવ કેસની સંખ્યા વધીને એક લાખથી વધુ થઈ ગઈ છે.

# આસામના ૨૨ જિલ્લાઓમાં પૂરની ભયાવહ સ્થિતિ : પાણીમાં તરતી લાશો

(સં. સ. સે.) સિલચર, તા.૩૦

આસામમાં ભારે વરસાદના કારણે પૂરની સ્થિતિ પ્રવર્તી છે. રાજ્યના ૨૨ જિલ્લાઓ પૂરની લપેટમાં આવ્યા છે અને ૨,૨૫૪ ગામ તથા ૨૧ લાખથી પણ વધારે લોકો પૂરનો પ્રકોપ સહન કરી રહ્યા છે. આશરે ૨ લાખ જેટલા લોકો બેઘર બન્યા છે અને તેમણે રાજ્ય સરકાર દ્વારા ખોલવામાં આવેલી રાહત શિબિરોમાં આશરો લીધો છે. સિલચર શહેરની વાત કરીએ તો શહેરના બિલપાર વિસ્તારમાં ૮-૧૦ ફૂટ પાણી ભરાયા છે. ઘરોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકોની મુશ્કેલીઓમાં ખૂબ જ વધારો થયો છે તથા પાણી એટલા વેગમાં આગળ વધી રહ્યું છે કે, લોકો માટે પાણીમાં ઉભા રહેવું પણ ભયજનક બની રહ્યું છે.

અમુક વિસ્તારોમાં એ હદે તબાહી વ્યાપી છે કે, લોકોના મકાનો ઉપરથી પાણી વહી રહ્યા છે. રાજધાની ગુવાહાટીથી ૩૨૦ કિમી દૂર આવેલા આશરે ૨ લાખ લોકોની વસ્તી ધરાવતા સિલચર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં અનેક મકાનોનો પહેલો માળ પાણીમાં ડૂબી ગયો છે. છેલ્લા ૧૦ દિવસથી પૂરના પાણી ફરી વળવાના કારણે જે સ્થિતિ નિર્માણ પામી છે તેમાં લોકોને ખાવા-પીવાની પણ મુશ્કેલી પડી રહી છે. શહેરના સધ્ધર ગણાતા વિસ્તારોમાં લોકોની મોંઘી ગાડીઓની છત પરથી પાણી વહી રહ્યા છે અને તેમના પાકાં મકાનોનો પહેલો માળ જળબંબાકાર છે. રાહત અને બચાવ કાર્યમાં નીકળેલા એનડીઆરએફના જવાનો સીટી મારે એટલે લોકો પોતાના ઘરોમાંથી દોરડાથી બાંધેલી થેલીઓ નીચે કરે છે જેથી પીવાનું ચોખ્ખું પાણી મળી શકે અને ખાવા માટે કશુંક મળી રહે.

# દેશની પ્રથમ બુલેટ ટ્રેનનું સંચાલન વર્ષ ૨૦૨૬થી શરૂ થશે : રેલમંત્રી

(હિ.મી.એ),નવીદિલ્હી,તા.૩૦

દેશમાં હાલ મુંબઈ અને અમદાવાદ વચ્ચે દેશની પ્રથમ બુલેટ ટ્રેનની લાંબા સમયથી રાહ જોવાઈ રહી છે. હાલમાં જ એક કાર્યક્રમ દરમ્યાન રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતુ કે, બુલેટ ટ્રેનનું સંચાલન વર્ષ ૨૦૨૬થી શરૂ થશે. તેમણે કહ્યું કે, સરકાર મુસાફરોની સુવિધા માટે રાત-દિવસ કામ કરી રહી છે. સરકારે આ દિશામાં ઘણા પગલાં લીધા



છે, તેના પરિણામો પણ આવવા લાગ્યા છે. આ સાથે તેમણે ઉમેર્યું હતું કે, ફર્સ્ટ એસીને ભાડાનો આધાર બનાવવામાં આવી રહ્યો છે.

આ પહેલા રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ બુલેટ ટ્રેનના ભાડા અંગે સંકેત આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ભાડા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. પરંતુ તે લોકોની પહોંચમાં હશે. આ માટે ફર્સ્ટ એસીનો આધાર બનાવવામાં આવી રહ્યો છે, જે બહુ વધારે નથી. આના પરથી સ્પષ્ટ થાય છે કે બુલેટ ટ્રેનનું ભાડું ફર્સ્ટ એસી જેટલું જ હશે.

# અભિનેત્રી સ્વરા ભાસ્કરને મારી નાખવાની ધમકી મળી

(એ.આર.એલ),મુંબઈ,તા.૩૦

અભિનેત્રી સ્વરા ભાસ્કરને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. સ્વરા ભાસ્કરને આ ધમકી એક પત્રના માધ્યમથી મળી છે. ધમકી મળ્યા બાદ મુંબઈ પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. આ જાણકારી એક અધિકારીએ બુધવારના આપી છે. અધિકારીએ કહ્યું કે, પત્ર અભિનેત્રીના વર્સોવા સ્થિત આવાસ પર મોકલવામાં આવ્યો હતો. અધિકારીએ જણાવ્યું કે, પત્ર મળ્યા બાદ સ્વરા ભાસ્કરે



બે દિવસ પહેલા વર્સોવા પોલીસ સ્ટેશનમાં સંપર્ક કર્યો અને અજ્ઞાત લોકો સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે કહ્યું કે, ફરિયાદના આધારે અમે અજ્ઞાત વ્યક્તિઓ સામે એક નોન-કોગ્નીઝેબલ ગુનો નોંધ્યો છે. તેમણે કહ્યું તપાસ ચાલી રહી છે.

# મણીપુરમાં ભૂસ્ખલનથી ૫૦ થી વધુ જવાનો ઘાયલ : ૬ લોકોના મોત

ઈમ્ફાલ,તા.૩૦

બુધવાર રાતથી અવિરત વરસાદને કારણે પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ભૂસ્ખલનથી સામાન્ય લોકોની સાથે પ્રાદેશિક સૈન્યના ૫૦ થી વધુ જવાનો ઘાયલ થયા હતા. આ ઘટના ટુપુલ રેલ્વે સ્ટેશન પાસે બની હતી. અત્યાર સુધીમાં છ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે જ્યારે ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. મોટા પ્રમાણમાં કાટમાળ પડવાને કારણે ઈજેઈ નદીનો પ્રવાહ પણ અવરોધિત થયો છે, જેને લઈને આસ-પાસના વિસ્તારોમાં એક જળાશય બની જવા પામ્યુ છે. જેને લઈને નીચાણવાળા વિસ્તારોને ડૂબી શકે તેવી સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. નોનીના ડેપ્યુટી કમિશનર દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે ટુપુલ યાર્ડ રેલ્વે કન્સ્ટ્રક્શન કેમ્પમાં દુર્ભાગ્યપૂર્ણ ભૂસ્ખલનને કારણે ૫૦ થી વધુ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા છે. જ્યારે છ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ઈજેઈ નદીના પ્રવાહને પણ કાટમાળ દ્વારા અવરોધિત થઈ ગયો છે, સંગ્રહની સ્થિતિ ભંગ થઈ તો નોની જિલ્લાના મુખ્ય મથકોના નીચાણવાળા વિસ્તારોમાં ભારે તબાહી મચાવશે.

# યુરોપ અને અમેરિકામાં પણ મોંઘવારીએ માઝા મૂકી

(એ.આર.એલ),નવીદિલ્હી તા.૩૦

એશિયામાં કોરોના સંક્રમણ વધવાથી અમેરિકા અને યુરોપમાં મોંઘવારી ફાટી નીકળી છે. સુપર માર્કેટોમાં વસ્તુઓની ભારે અછત ઉભી થઈ રહી છે. આમ એટલા માટે થઈ રહ્યું છે. કારણ કે એશિયાઈ ફેકટરીઓ અને મોટી રીટેલ ચેનો વચ્ચે દરેક સ્તરે પુરવઠા સાંકળ બંધ છે. વિયેતનામ સહિત અનેક દેશોમાં કોરોના પ્રતિબંધોનાં કારણે પુરવઠા સાંકળ બંધ છે. વિયેતનામ સહિત અનેક દેશોમાં કોરોના પ્રતિબંધોનાં કારણે પુરવઠા લાઈનોને ખરાબ રીતે અસર થઈ છે. કારણ કે વિયેતનામમાં સ્નીકર્સથી લઈને કોફી સુધી બધુ બને છે. વાઈરસનાં ફેલાવાની સાથેસાથે અને ગ્રાહકની માંગના કારણે બંદરો પર પણ ભીડ જોવા મળી રહી છે. સમુદ્રી માલ પરિવહન ખર્ચ પણ દસ ગણો વધી ગયો છે. સાથે સાથે ટ્રક ડ્રાઈવરોની પણ અછત અહીં મોંઘવારીનું મોટુ કારણ બની છે.

# કનૈયાલાલની હત્યાના વિરોધમાં અનેક જિલ્લાઓ બંધ : ગુજરાતની બસ રાજસ્થાન નહી જાય

ઉદયપુર,તા.૩૦

ઉદયપુરમાં કનૈયાલાલ હત્યાના વિરોધમાં ગુરુવારે સર્વ સમાજ વતી મૌન રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા અને ટાઉનહોલથી કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. અહીં વિવિધ સંગઠનોએ રાજસ્થાનના જયપુર, ઉદયપુર સહિત અનેક જિલ્લાઓમાં બંધનું એલાન આપ્યું છે. જે મિશ્ર રહ્યું



હતું. આ તરફ ડુંગરપુર જિલ્લાના રતનપુર બોર્ડરથી રાજસ્થાન તરફ જતી ગુજરાતની બસોને ગુજરાતના છેલ્લા બસ સ્ટેન્ડ શામળાજી ખાતે અટકાવી દેવામાં આવી છે. આ પછી તમામ મુસાફરોને શામળાજીથી રાજસ્થાન તરફ જતી અન્ય બસો દ્વારા તેમના ઘરે અથવા કામના સ્થળે જવું પડ્યું હતું.

ગુજરાત રોડવેઝની તમામ બસો આગામી આદેશ સુધી રાજસ્થાન નહીં જાય. જ્યારે ગુજરાતની જેટલી બસો રાજસ્થાનમાં છે, તેને પણ પરત બોલાવી લેવાનો નિર્ણય ગુજરાત રોડવેઝ મેનેજમેન્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

# આંધ્રપ્રદેશમાં વીજ વાયર પડવાથી ૭ શ્રમિકોના મોત

(એ.આર.એલ),હૈદરાબાદ,તા.૩૦

આંધ્રપ્રદેશના સત્યસાંઈ જિલ્લામાં ગુરુવારે એક ચોંકાવનારી દુર્ઘટના બની છે. અહીં એક ઓટો પર હાઈટેન્શન વાયર પડવાના કારણે તેમાં આગ લાગી હતી. ઓટોમાં ખેતરમાં કામ કરવા જઈ રહેલા મજૂરો બેઠા હતા. આ પૈકીના ૭નું દાઝી જવાથી મૃત્યુ થયું છે. જ્યારે એકની સ્થિતિ ગંભીર છે. ડ્રાઈવર અને ૫ અન્ય લોકોએ ઓટોમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. પોલીસે જણાવ્યું કે બાજુમાં આવેલા ગામના ખેડૂતોએ મજૂરોને બોલાવ્યા હતા. આ તમામ એક સેવન સીટર ઓટોમાં બેસીને જઈ રહ્યાં હતા. અચાનક જ વીજળીનો તાર પડવાથી ઓટોમાં આગ લાગી હતી. તડીમારી મંડલના ચિલ્લાકોંડાયપલ્લી ગામની પાસે દુર્ઘટના ઘટી હતી. જ્યારે પોલીસ પહોંચી તો ૭ લોકો જીવતા સળગી ગયા હતા. પોલીસના જણાવ્યા મુજબ, તમામ મજૂરો હતા. તે ખેતરમાં કામ કરવા જઈ રહ્યાં હતા.

# દેશની અંદર એક જિલ્લા હૉસ્પિટલમાં પ્રતિ ૧ લાખની વસ્તી પર માત્ર ૨૪ બેડ

(એ.આર.એલ),નવીદિલ્લી,તા.૩૦

વૈશ્વિક મહામારીનો સામનો કરવા માટે આપણે દેશ કેટલો તૈયાર છે તે આપણે કોરોના કાળમાં જોઈ લીધુ હતું. હૉસ્પિટલોમાં બેડ અને ઑક્સિજનની કમીએ દેશની હેલ્થ સિસ્ટમની પોલ ખોલી દીધી હતી. આ દરમિયાન નીતિ આયોગનો એક રિપોર્ટ સામે આવ્યો છે કે દેશની અંદર એક જિલ્લા હૉસ્પિટલમાં પ્રતિ ૧ લાખની વસ્તી પર સરેરાશ ૨૪ બેડ છે. રાજ્યોની વાત કરીએ તો સૌથી ખરાબ સ્થિતિ બિહારની છે જ્યાં ૧ લાખની વસ્તી પર સરેરાશ ૬ બેડ ઉપલબ્ધ છે. વળી, સૌથી સારી સ્થિતિ કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીની છે. અહીં ૧ લાખની વસ્તી પર સરેરાશ ૨૨૨ બેડ છે. જિલ્લા હૉસ્પિટલોના કામકાજમાં સારી ગતિવિધિઓના શીર્ષકવાળા નીતિ આયોગના રિપોર્ટમાં સામે આવ્યુ છે કે દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૭૫ જિલ્લા હૉસ્પિટલો બેડ, મેડિકલ અને પેરા મેડિકલ સ્ટાફ, કોર હેલ્થ ડાયગ્નોસ્ટિક ટેસ્ટિંગ સેવાઓની ઉપલબ્ધતાના મામલે સારી જોવા મળી છે. આ રાજ્યોમાં બેડની સંખ્યા ઘણી ઓછી છે. ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડની ૨૦૨૧માં જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યુ હતું કે જિલ્લા હૉસ્પિટલોની પ્રતિ ૧ લાખ વસ્તી પર કમસે કમ ૨૨ બેડ મેઈન્ટેન રાખ્યા છે.

# વિશ્વના ૫૦ સલામત શહેરોમાં દિલ્હી-મુંબઈનો સમાવેશ


નવીદિલ્હી,તા.૩૦

વિશ્વના ૫૦ સલામત શહેરોની યાદીમાં ભારતના બે શહેરો પણ સામેલ છે. જોકે કોપનહેગન ૮૨.૪ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા તાજેતરમાં આ યાદી બહાર પાડવામાં આવી છે. અનેક પરિમાણો પર ગુણ આપવામાં આવ્યા હતા. ડેન્માર્કની રાજધાની કોપનહેગન સલામત શહેરોની યાદીમાં પ્રથમ ક્રમે છે. આ શહેરને ૮૨ થી વધુ પોઈન્ટ મળ્યા છે અને આ અર્થમાં તે સૌથી સુરક્ષિત શહેર છે. કેનેડાના સૌથી મોટા શહેરોમાંનું એક ટોરોન્ટો ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટની રેન્કિંગમાં ૮૨.૨ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે. ભારતની રાજધાની દિલ્હી સુરક્ષિત શહેરોની યાદીમાં ૪૮ માં નંબરે છે. તેને ૫૬.૧ નંબર મળ્યા છે. ભારતની આર્થિક રાજધાની મુંબઈએ ૫૪.૪ પોઈન્ટ્સ મેળવીને ૫૦ મુ સ્થાન મેળવ્યું છે. ભારતના અન્ય કોઈ શહેરને ટોચના ૬૦ સલામત શહેરોમાં સમાવવામાં આવ્યું નથી.

# ફિનલેન્ડ અને સ્વીડન નાટોમાં સામેલ થતા રશિયા ભડક્યું

(જી.એન.એસ)રશિયા,તા.૩૦

ફિનલેન્ડ અને સ્વીડન હાલમાં જ નાટોમાં સામેલ થયા છે. જ્યારે એક દિવસ પહેલા જ તુર્કીએ સ્વીડન અને ફિનલેન્ડના નાટોમાં સામેલ થવા વિરુદ્ધ પોતાનો વીટો પાછો લઈ લીધો અને ત્રણ દેશ વચ્ચે એકબીજાની રક્ષા કરવા પર સહમતિ બની ગઈ છે. જેને લઈને પુતિને રશિયાના સરકારી ટીવી પર ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે સ્વીડન અને ફિનલેન્ડથી



અમને એ પ્રકારની સમસ્યા નથી જે યુક્રેનથી છે. જો આ બંને દેશો નાટો સાથે જોડાવા માંગતા હોય તો બેશક જોડાઈ શકે છે. વ્લાદિમિર પુતિને કહ્યું કે સ્વીડન અને ફિનલેન્ડ માટે પહેલા પણ કોઈ પણ પ્રકારનું જોખમ નહતું અને અત્યારે પણ નથી. પરંતુ જો નાટો અહીં પોતાની મિલેટ્રી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈનાત કરશે તો બધા માટે સમસ્યા થશે. અમે તે વિશે ચૂપ બેસીશું નહીં અને તેનો જવાબ આપીશું. તેમણે દાવો કર્યો કે ફિનલેન્ડ અને સ્વીડનના નાટોમાં જવાથી હવે તેમના સંબંધ રશિયા સાથે પ્રભાવિત થશે.

# મારો પગાર ક્યારે વધશે ? : તારક મહેતા કા ઉલ્ટા ચશ્માંમાં નવા નટુકાકાની એન્ટ્રી

મુંબઈ તા.૩૦

લોકપ્રિય કોમેડી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ચાહકોની ઘણી જ ફેવરિટ છે. આ સિરિયલના દરેક પાત્ર ચાહકોના મનમાં ખાસ સ્થાન ધરાવે છે. સિરિયલમાં નટુકાકાનું પાત્ર ભજવતા ઘનશ્યાન નાયક છેલ્લાં બે વર્ષથી બીમારીને કારણે આવતા નહોતા અને ગયા વર્ષે તેમનું અવસાન થયું હતું. હવે અસિત મોદી સિરિયલમાં નવા નટુકાકા લઈને આવ્યા છે.

અસિત મોદીએ કહ્યું હતું, 'આ અમારા માટે ઘણી જ ભાવુક ક્ષણ છે. ૧૩ વર્ષથી નટુકાકાનું પાત્ર ઘનશ્યામ નાયક ભજવતા હતા. તેમની જગ્યાએ બીજા કલાકારને લાવવા સરળ નહોતા. અમે છેલ્લા કેટલાક મહિનાથી નટુકાકાના પાત્રનું ઓડિશન શરૂ કર્યું હતું, કારણ કે અમે દર્શકો માટે આ પાત્ર




ફરી લાવવા માગતા હતા. થોડાં ઓડિશન બાદ અમે ગુજરાતના જાણીતા એક્ટર-પ્રોડ્યુસર-ડિરેક્ટર કિરણ ભટ્ટને નટુકાકા તરીકે લાવવાનું નક્કી કર્યું. હું તેમને છેલ્લાં ઘણાં વર્ષોથી ઓળખું છું અને જ્યારે ઓડિશન સમયે તેમને પહેલીવાર મળ્યો ત્યારે મને એમ જ લાગ્યું કે આ અમારા નટુકાકા છે. આમ તો ઘનશ્યામ નાયકની જગ્યા કોઈ લઈ શકે તેમ નથી, પરંતુ મને વિશ્વાસ છે કે કિરણ ભટ્ટ દર્શકોમાં પોતાની અલગ જગ્યા બનાવવામાં સફળ રહેશે. કિરણ ભટ્ટ પાત્રને જરૂર ન્યાય આપશે.'

# આજથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ

લંડન તા.૩૦

આજથી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચ રમાશે. જેમાં ભારત તરફથી રોહિત શર્માને કોરોના થતાં જસપ્રીત બુમરાહ કેપ્ટનશીપ સંભાળશે. ભારત તરફથી શુભમન ગીલ સાથે મયંક અગ્રવાલ ઓપનીંગ કરી શકે છે. અત્યારે ભારત સિરીઝમાં ભારત ૨-૧થી




આગળ છે. આ ટેસ્ટ મેચ ભારત માટે ઘણી રીતે મહત્વની છે. આ મેચ જીતી અથવા ડ્રો થવાથી ભારતની શ્રેણી જીત સુનિશ્ચિત થશે જે ઐતિહાસિક હશે. ભારત ટેસ્ટ ચેમ્પિયનશીપમાં ત્રીજા સ્થાને છે. અને ચેમ્પિયનશિપમાં ભારતે હજુ ૭ ટેસ્ટ મેચ રમવાની છે. તેમાંથી એક એજબેસ્ટન ટેસ્ટ છે, ચાર ટેસ્ટમેચ ઓસ્ટ્રેલિયા સામે છે જે ઘર આંગણે રમાશે. જ્યારે બે ટસ્ટ મેચ બાંગ્લાદેશ સામે છે જો તમામ મેચ ભારત જીતી જાય તો તેની જીતની ટકાવારી ઓસ્ટ્રેલિયા કરતા વધુ હશે. તો ભારત ફાઈનલમાં પહોંચી શકશે.

# અમરેલી અને ખાંભામાં મેઘરાજાની સટાસટી: જગતના તાત ખુશખુશાલ

## અમરેલી શહેરમાં ૧.૫ ઈંચ, ખાંભામાં ૧.૨૫ ઈંચ વરસાદથી માર્ગો પર પાણી ફરી વળ્યા

અમરેલી, તા.૩૦

અમરેલી શહેરમાં આજે બપોર બાદ વાતાવરણમાં પલટો આવતા મેઘરાજા મન મૂકી વરસ્યા હતા. શહેરમાં બપોરે ૩ વાગ્યાથી વરસાદી બેટીંગ શરૂ થતા દોઢ કલાકમાં આશરે દોઢેક ઈંચ વરસાદ નોંધાયો હતો. બીજી તરફ જિલ્લાના ખાંભા, ચિત્તલ, શેડુભાર, માચીયાળા, રાજુલા, લાઠી, દામનગર, સાવરકુંડલા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો હતો. ખાંભામાં ૨૬ મિ.મી., રાજુલા અને સાવરકુંડલામાં ૫-૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ધોધમાર વરસાદના પગલે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા તથા માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. વાવણીલાયક વરસાદ થતા ખેડૂતોમાં ખુશી વ્યાપી જવા પામી છે.



# વલસાડમાં દે ધનાધન ૬ ઈંચથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

વલસાડ,તા.૩૦

વલસાડમાં મોડી રાત્રે ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. ધોધમાર વરસાદથી શહેર માત્ર ૪ કલાકમાં પાણી પાણી થઈ ગયું છે. વલસાડમાં ૪ કલાકમાં ૬ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. બીજી તરફ હવામાન વિભાગે આગામી ૫ દિવસ છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં છૂટાછવાયા વરસાદની આગાહી કરાઈ છે. ૧ જુલાઈ સુધી રાજ્યમાં છૂટોછવાયો વરસાદ પડશે ત્યારબાદ રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદનું જોર વધશે. ૩૦ જૂનથી ૩ જુલાઈ સુધી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગના મતે વલસાડ, નવસારી, સુરત, દમણમાં વરસાદ પડી શકે છે.

# રાજકોટમાં રિક્ષા ચાલકે યુવકને અડફેટે લેતા મોત

રાજકોટ, તા.૩૦

રાજકોટના ઢેબર રોડ પર અટીકા નજીક બાબા પાન પાસે રહેતો અને કારખાનામાં કામ કરતો મૂળ બિહારનો વિજેન્દ્ર મોહનલાલ પ્રસાદ (ઉં.વ.૩૫) નામનો યુવાન ગઈકાલે પોતાની પત્ની લક્ષ્મી સાથે આજીડેમ ચોકડીએ રહેતાં સાળાના ઘરે બેસવા ગયો હતો. ત્યાંથી સાંજે આઠેક વાગ્યે પતિ-પત્ની ચાલીને પરત પોતાના ઘર તરફ જવા નીકળ્યા એ વખતે આજી GIDC પાસે પહોંચતા અજાણી રિક્ષાનો ચાલક વિજેન્દ્રને અડફેટે લઈ ભાગી ગયો હતો. ગંભીર ઈજા થતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહીં વિજેન્દ્રએ દમ તોડી દીધો હતો. મૃતકને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.


શ્રી સરદાર પટેલ એન્ડ સ્વામી વિવેકાનંદ લોકકલ્યાણ ટ્રસ્ટ સંચાલિત
માતૃશ્રી દુધીબેન ડાયાભાઈ ભીમાણી એન્ડ કાશીબેન નારણભાઈ ગેવરીયા
કોમર્સ, બી.બી.એ., બી.સી.એ. એન્ડ પીજીડીસીએ કોલેજ - અમરાપુર(ધાનાણી)
BCA & BBA COLLEGE Est : 2008
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય
એડમીશન પ્રક્રિયા શરૂ છે.
B.B.A
B.C.A
P.G.D.C.A
B.COM
ગ્રામ્ય શિક્ષણ શ્રેષ્ઠ શિક્ષણ
❖ કુદરતી વાતાવરણની વચ્ચે વિશાળ કેમ્પસ
❖ બહેનો અને ભાઈઓ માટે હોસ્ટેલ સુવિધા.
એડમીશન માટે સંપર્ક કરો.
Mo. 99794 77751, 99130 91236, 93287 75234
સ્થળ: અમરાપુર કોલેજ કેમ્પસ, અમરાપુર(ધાનાણી), તા.કુંકાવાવ, જિ.અમરેલી.



સજાદભાઈ ૯૯૭૯૭ ૪૦૨૫૨
જય ભારત
મુસ્તફાભાઈ ૯૪૨૮૯ ૬૮૦૯૨
મશીન સેન્ડ (રેતી)
નદીની રેતીના વિકલ્પ સામે મશીન સેન્ડ(રેતી) બેસ્ટ ક્વોલેટી ગોળ દાણો
લેબોરેટરી ટેસ્ટેડ છે.
સ્ટોન ક્શડ મેટલ, કપચી, છઆની, ગ્રીટ પાવડર, 40 MM, 20 MM, 10 MM 6 MM, STONE DUST
નદીની રેતીમાં ૫૦% કાંકડ તથા માટી નો કાપ હોઈ છે.
મશીન ની પથ્થર માંથી બનાવેલ રેતીને ચાળવાની જરૂર નથી. તેમજ વેસ્ટેજ પડતુ નથી.
ડાયરેક્ટ ઉપયોગ ચણતર પ્લાસ્ટર આર.સી.સી કામમાં વાપરી શકાય છે.
નદીની રેતી કરતા મશીનની રેતીમાં મજબુતાઈ વધારે છે. સરકાર માન્ય છે.
નદીની રેતી કરતા મશીનની રેતીમાં સીમેન્ટ નું પુરૂ વળતર મળે છે.
H&D MASOYA -9426971764
રાજકોટ - ભાવનગર હાઈ - વે, મું. ઉંટવડ, તા. બાબરા, જી. અમરેલી,



POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો.૯૯૦૯૬૦૯૬૯૬



HONDA
રથયાત્રાની શુભકામનાઓ
ACTIVA
BOOK ONLINE NOW!
ઓછું ડાઉન પેમેન્ટ ₹5999*
વ્યાજ દર 8.99%*
કોઈ હાઈપોથિકેશન નથી*
joyclub
1. ઈયરફોન કનેક્ટ કરો
2. QR Code સ્કેન કરો
3. વિડીયોનો આનંદ લો
CLICK BOOK RELAX
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશન સામે, અમરેલી - ફો. ૦૨૭૯૨-૨૨૬૨૦૧,૦૨ મો. ૯૭ ૨૨ ૨૩ ૨૩ ૨૨



સત્યમેવ જયતે ગુજરાત સરકાર
આઝાદી નો અમૃત મહોત્સવ
રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને
જુલાઈ-૨૦૨૨ મહિનાના
રાહતદરના નિયમિત વિતરણ તથા
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ
સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જુલાઈ મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૭.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને ઘઉં, ચોખા, તુવેરદાળ, ખાંડ અને કેરોસીનના મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૭ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૮ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

રાજ્યના ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલા NFSA હેઠળ સમાવિષ્ટ રેશનકાર્ડ ધારકોને જુલાઈ-૨૦૨૨થી પ્રતિકુટુંબ ૧ કિ.ગ્રા. ચણા રૂ.૩૦/-ના રાહત ભાવથી મળવાપાત્ર થશે જેનું વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ તથા અમદાવાદ શહેરમાં NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૬.૦૭.૨૦૨૨ ના રોજ શરૂ કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

વન નેશન, વન રેશનકાર્ડ યોજના
ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

MY RATION Mobile Application
દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય
લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.



અમરેલી જિલ્લાની નંબર 1 જવેલરી એપ્લીકેશન
MADHUVAN GOLD ART
Download on the App Store
GET IT ON Google Play
24 x 7
જેમાં આપને મળશે
૫૦૦૦થી વધુ ડીઝાઈનર ગોલ્ડ, ડાયમંડ, સિલ્વર, 1ગ્રામ ગોલ્ડ ફોર્મીંગ જ્વેલરી તેમજ ગીફ્ટ આર્ટીકલનું વિશાળ કલેક્શન
MGA મધુવન ગોલ્ડ આર્ટ Since : 2000
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી. ☎: 02792 - 222208 ©:94264 23006
madhuvan gold art madhuvangold.in



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
પૈસા બનવવા માટે, મગજની જરૂર છે.
જીવન જીવવા માટે, સંસ્કારની જરૂર છે.
95558 11166
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868



॥ જયશ્રી જળીયાદાદા ॥ ॥ જયશ્રી ગણેશાય નમઃ ॥ ॥ જયશ્રી ચામુંડા માં ॥
આપનો પ્રેમ એજ અમારો નફો
100 % શુધ્ધતાની ખાતરી
ESSAR
જય ભગીરથ પેટ્રોલીયમ
:: સ્થળ ::
જેસીંગપરા, કુંકાવાવ રોડ, જકાત નાકા, અમરેલી.
પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ
આપ સહુના સાથ અને અપાર પ્રેમ અને સહકારથી અમારા જય ભગીરથ પેટ્રોલ પંપનો પાંચમાં વર્ષમાં મંગલ પ્રવેશ બદલ આપ સહુનો આભાર...
શ્રી વશરામભાઈ નારણભાઈ ગોહીલ
શ્રી રમેશભાઈ વશરામભાઈ ગોહિલ
શ્રી સંજયભાઈ કાળુભાઈ ભાલુ
શ્રી મિહીલ મથુરભાઈ બેલડીયા
મો. ૯૭૧૨૫ ૨૩૩૭૫, ૮૨૦૦૧ ૬૨૮૪૧, ૯૯૭૯૩ ૮૧૦૨૫